RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 46* Date: 05.12.2022,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આવતીકાલે બીજા તબક્કાનું મતદાન!

## ૮૩૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો, ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર થશે મતદાન થશે

ગાંધીનગર,તા.૪

ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો પર આવતીકાલે બીજા તબક્કાનું મતદાન યોજાશે. જેને લઈ ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોમાં ઈવીએમ મશીનોની ફાળવણી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં મતદાન માટે જરૂરી સાધન સામગ્રી વિતરણ કરવામાં આવ્યું હતુ.૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર ૮૩૩ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે. જેમાં ૭૬૪ પૂરૂષ અને ૬૯ મહિલા ઉમેદવારો સમાવેશ થાય છે. ૨૬ હજાર ૪૦૯ મતદાન મથકો પર મતદાન થશે. જેમાં ૮ હજાર ૫૩૩ શહેરી મતદાન મથકો અને ૧૭ હજાર ૮૭૬ ગ્રામ્ય વિસ્તારમા મતદાન મથકો છે. બીજા તબક્કામા ૩૬ હજાર ૪૩૯ બેલેટ યુનિટનો ઉપયોગ થશે અને ૩૬ હજાર ૪૩૯ કંટ્રોલ યુનિટનો ઉપયોગ થવાનો છે.મતદાન દરમિયાન કુલ ૧ લાખ ૧૩ હજાર કર્મચારીઓ ખડેપગે રહેશે. સાથે સાથે ૪૦ હજાર ૬૬ જેટલા વીવીપીએટીનો પણ ઉપયોગ કરવામાં આવશે. એટલું જ નહીં ૧૩ હજાર ૩૧૯ મતદાન મથકો પર વેબ કાસ્ટીંગ કરાશે. તો મતદાન સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવાઈ છે. બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે મતદાન યોજાશે જેમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકો પર મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. બનાસકાંઠા જિલ્લાની ૯ બેઠકો, પાટણ જિલ્લાની ૪ બેઠકો, મહેસાણા જિલ્લાની ૭ બેઠકો, સાબરકાંઠા જિલ્લાની ૪ બેઠકો, અરવલ્લી જિલ્લાની ૩ બેઠકો, ગાંધીનગરની ૫ બેઠકો, અમદાવાદની ૨૧ બેઠકો, આણંદની ૭ બેઠક, ખેડાની ૬ બેઠકો, મહીસાગરની ૩ બેઠકો, અરવલ્લીની ૩ બેઠકો, પંચમહાલ જિલ્લાની ૫ બેઠકો, દાહોદ જિલ્લાની ૬ બેઠકો, વડોદરા જિલ્લાની ૧૦ બેઠકો, છોટાઉદેપુર જિલ્લાની ૩ બેઠકો પર મતદાન થશે. ત્યારે ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકોનો સમાવેશ થાય છે. ૫ ડિસેમ્બરે જે ૧૪ જિલ્લાની ૯૩ બેઠક માટે મતદાન થનાર છે તેવા જીલ્લા જોઈએ તો બનાસકાંઠા જિલ્લો : બેઠકોના નામ : વાવ, થરાદ, ધાનેરા, દાંતા, વડગામ,પાલનપુર, ડીસા, દિયોદર, કાંકરેજ, પાટણ જિલ્લો : બેઠકોના નામ : રાધનપુર, ચાણસ્મા, પાટણ, સિદ્ધપુર, મહેસાણા જિલ્લો : બેઠકો : ખેરાલુ, ઉંઝા, વિસનગર, બેચરાજી, કડી, મહેસાણા, વિજાપુર, સાબરકાંઠા જિલ્લો:બેઠકોના નામ : હિંમતનગર ,ઈડર, ખેડબ્રહ્મા , પ્રાંતિજ, અરવલ્લી જિલ્લો : બેઠકોના નામ ભિલોડા,મોડાસા,બાયડ, ગાંધીનગર જિલ્લો: બેઠકો: દહેગામ, ગાંધીનગર દક્ષિણ, ગાંધીનગર ઉત્તર, માણસા, કલોલ, અમદાવાદ જિલ્લા: બેઠકો: વિરમગામ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર, વટવા, એલિસબ્રિજ, નારાણપુરા, નિકોલ, નરોડા,ઠક્કરબાપા નગર, બાપુનગર,અમરાઈવાડી, દરિયાપુર,જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા, સાબરમતી,અસારવા, દસક્રોઈ, ધોળકા, ધંધુકા,આણંદ જિલ્લો : બેઠકો :ખંભાત, બોરસદ, આંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ, સોજિત્રા,ખેડા જિલ્લો : બેઠકોના નામ : માતર, નડિયાદ, મહેમદાબાદ, મહુધા, ઠાસરા, કપડવંજ, મહીસાગર જિલ્લો : બેઠકોના નામ : બાલાસિનોર, લુણાવાડા, સંતરામપુર, પંચમહાલ જિલ્લો : બેઠકોના નામ : શહેરા, મોરવાહડફ, ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ જિલ્લો : બેઠકો : ફતેપુરા, ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબાડા, દેવગઢ બારિયા,વડોદરા જિલ્લો : બેઠકોના નામ : સાવલી, વાઘોડિયા, ડભોઈ, વડોદરા શહેર , સયાજીગંજ, અકોટા, રાવપુરા, માંજલપુર, પાદરા, કરઝણ આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાની બેઠકોના નામ: છોટાઉદેપુર, જેતપુરનો સમાવેશા થાય છે.

૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં આ ૯૩માંથી ભાજપે ૫૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસે ૩૯ બેઠકો જીતી હતી.

બીજા તબક્કામાં કુલ ૮૩૩ ઉમેદવારોનું ભાવિ દાવ પર છે.બીજા તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહારથીઓ મેદાને છે. ભાજપના ૨૦ નેતા એવા છે, જેમના પર જીતનો આધાર છે.




## ‘ધ કાશ્મીર ફાઈલ્સ‘ વિવાદ પર ઈઝરાયેલના રાજદૂતને મળી ધમકી:કહ્યું- તરત જ ભારત છોડી દો; હિટલર મહાન હતો જેણે તમારા જેવા લોકોને સળગાવી નાંખ્યા

નવીદિલ્હી,તા.૪

ફિલ્મ ‘ધ કાશ્મીર ફાઈલ્સ‘ પર ચાલી રહેલા વિવાદ વચ્ચે ભારતમાં ઈઝરાયેલના રાજદૂત નાઓર ગિલનને દેશ છોડવાની ધમકીઓ મળી રહી છે. તેમને ટ્વિટર પર એક મેસેજનો સ્ક્રીનશોટ શેર કર્યો હતો. જેમાં લખ્યું હતું- ‘હિટલર મહાન હતો કે તેણે તમારા જેવા લોકોને સળગાવી નાંખ્યા. તરત જ ભારત છોડી દો, હિટલર એક મહાન માણસ હતો.તેમણે કહ્યું કે આ સંદેશ તેમને ટ્વિટર પર મોકલવામાં આવ્યો છે. મેસેજ મોકલનારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હું તેની ઓળખ છુપાવી રહ્યો છું, તેની પ્રોફાઈલમાં પીએચડી હોલ્ડર લખેલું છે.

આ પોસ્ટ પર ભારતીયોએ ઈઝરાયેલના રાજદૂતને સમર્થન આપ્યું છે. ગિલોને અન્ય એક ટ્વિટમાં ભારતના લોકોનો આભાર માન્યો હતો. તેણે કહ્યું કે છેલ્લી પોસ્ટ પર તેને ભારત તરફથી ઘણો સપોર્ટ મળી રહ્યો છે, તેનાથી મને ઘણું સારું લાગે છે. આ મેસેજ શેર કરવાનો હેતુ માત્ર એ જ કહેવાનો હતો કે આજે પણ લોકોમાં યહૂદી વિરોધી ભાવનાઓ છે. આપણે સાથે મળીને આનો વિરોધ કરવાની જરૂર છે.તેમણે ફિલ્મ ‘ધ કાશ્મીર ફાઈલ્સ‘ને અશ્લીલ કહ્યા બાદ શરૂ થયેલા વિવાદ વચ્ચે આ મેસેજ આવ્યો છે. ગોવામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં ઈઝરાયેલના રાજદૂત નાદવ લેપિડે ‘ધ કાશ્મીર ફાઈલ્સ‘ને પ્રોપેગેન્ડા અને અશ્લીલ ફિલ્મ ગણાવી હતી. આ પછી તેમના નિવેદનની આકરી ટીકા થઈ હતી.

જોકે, ગિલોને ટ્વિટર પર ખુલ્લો પત્ર લખીને ભારતની માફી માંગી હતી. આ નિવેદન માટે તેણે લેપિડને ઠપકો પણ આપ્યો હતો. ગિલોને કહ્યું- હું શરમ અનુભવું છું અને ભારતની યજમાની અને મિત્રતાના બદલામાં લેપિડના નિવેદન માટે માફી માંગુ છું. લેપિડનું નિવેદન અસંવેદનશીલ અને અભિમાનથી ભરેલું છે, તમારા માટે શરમજનક છે. જણાવી દઈએ કે ફિલ્મ નિર્માતા નાદવ લેપિડ ફિલ્મ ફેસ્ટિવલની જ્યુરીમાં હતા.

ફિલ્મ ‘ધ કાશ્મીર ફાઈલ્સ‘ વર્ષ ૧૯૯૦માં કાશ્મીર ઘાટીમાં કાશ્મીરી પંડિતોની હત્યા અને હિજરત પર આધારિત હતી. જે ૧૧ માર્ચ ૨૦૨૨ના રોજ રિલીઝ થઈ હતી. તેમાં અનુપમ ખેર, પલ્લવી જોશી અને મિથુન ચક્રવર્તી જેવા સ્ટાર્સે મુખ્ય ભૂમિકા ભજવી છે. કાશ્મીર ફાઈલ્સે સારો બિઝનેસ કર્યો હતો. તે બોક્સ ઓફિસ પર ૨૯૦ કરોડથી વધુની કમાણી કરી હતી. ભાજપના નેતાઓએ કાશ્મીરની ફાઈલોની ખૂબ પ્રશંસા કરી હતી. દેશના ઘણા રાજ્યોમાં તેને ટેક્સ ફ્રી કરવામાં આવી હતી.

## કોંગ્રેસ શિયાળુ સત્રમાં મોંઘવારી, બેરોજગારી, ચીન સહિતના મુદ્દાઓ પર સંસદ ગજવશે

**છેલ્લા કેટલાય સત્રોમાં વિપક્ષે હોબાળો મચાવીને સંસદની કાર્યવાહી અટકાવી દીધી હતી**



નવીદિલ્હી,તા.૪

સંસદના શિયાળુ સત્ર પહેલા વિપક્ષ કોંગ્રેસે તૈયારી કરી લીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીના નેતૃત્વમાં બેઠક યોજી હતી. આ બેઠકમાં કોંગ્રેસે મોંઘવારી, બેરોજગારી, ચીન સાથેનો સીમા વિવાદ, સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર વચ્ચે તાજેતરનો વિવાદ અને દિલ્લી સ્થિત એઈમ્સ પર સાયબર એટેક જેવા મુદ્દાઓ પર સવાલ ઉઠાવીને સરકારને ઘેરવાની યોજના બનાવી છે. છેલ્લા કેટલાય સત્રોમાં વિપક્ષે હોબાળો મચાવીને સંસદની કાર્યવાહી અટકાવી દીધી હતી. કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે જ્યાં સુધી જરૂરી નહીં બને ત્યાં સુધી સંસદની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો કરવામાં નહી આવે.

સંસદનું શિયાળુ સત્ર આગામી ૭ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે, જે ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. આ સત્ર દરમિયાન એવું કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધી ભાગ નહીં લે અને પાર્ટીની ભારત જોડો પદયાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરશે. રાહુલ સિવાય પાર્ટીના અન્ય વરિષ્ઠ સાંસદો શિયાળુ સત્રમાં હાજર રહેશે. મીડિયા રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, સોનિયા ગાંધીના નેતૃત્વમાં વ્યૂહાત્મક જૂથની બેઠકમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હાજર હતા. આ દરમિયાન કયા કયા મુદ્દે સરકાર પર પસ્તાળ પાડવી તે મુદ્દાઓની યાદી તૈયાર કરવામાં આવી છે.

એમએસપી માટે ખેડૂતોની માંગનો મુદ્દો પણ યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે. અન્ય મુદ્દાઓ સાથે, ખેડૂતોએ ખાસ કરીને MSPની માંગ માટે દિલ્લીની હદ ઉપર એક વર્ષ સુધી આંદોલન કર્યું હતુ. આ પછી સરકારને ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવાની ફરજ પડી હતી. અહેવાલ મુજબ, સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત કેવી રીતે હાંસલ કરી શકાય તે અંગેના સૂક્ષ્મ વલણને પણ અંતિમ સ્વરૂપ આપી રહી છે, જેને તાજેતરમાં સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે તાત્કાલિક ગાળામાં, પાર્ટી દિલ્લીમાં દેશની મુખ્ય તબીબી સંસ્થા, AIIMS પર તાજેતરના સાયબર-આતંકવાદી હુમલા અંગે સરકારને સવાલ કરશે.

અહેવાલ મુજબ, એક સૂત્રએ જણાવ્યું હતું કે “જ્યાં સુધી જરૂરી ન હોય ત્યાં સુધી અમે સંસદની કાર્યવાહી અટકાવીશું નહીં.” સંસદનું શિયાળુ સત્ર હાલના સંસદ ભવનમાં જ યોજાશે.

### બ્રાહ્મણ ભારત છોડો બાદ હવે જેએનયુ કેમ્પસમાં સામ્યવાદીઓ ભારત છોડો ના સ્લોગનથી નવો વિવાદ સર્જાયો

નવીદિલ્હી,તા.૪

જેએનયુના કેમ્પસમાં બુધવારના રોજ બ્રાહ્મણ ભારત છોડોના નારા દિવાલો પર લખવામાં આવતા વિવાદ સર્જાયો હતો. જે બાદ હવે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી કેમ્પસની દિવાલો પર હિન્દુ રક્ષા દળ તરફ ‘સામ્યવાદીઓ ભારત છોડો‘ સૂત્ર લખવામાં આવ્યું છે. જેના કારણે એક નવા વિવાદનું વંટોળ ઉભું થયું છે. જેએનયુ પ્રશાસન આ અંગે કાર્યવાહી કરશે તેવી વાતનું રટણ કરી રહ્યું છે. જેએનયુ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક દિવસોથી નફરતને પ્રોત્સાહન આપતા અને વાંધાજનક સ્લોગન લખવવા આવતા હોવાનું સામે આવી રહ્યા છે. હવે યુનિવર્સિટીના મેઈન ગેટ પર નવું સ્લોગન લખવામાં આવ્યું છે. જેમાં સામ્યવાદીનો વિરોધ હોવાનું જણાવાયું હતું. એવું જાણવા મળ્યું છે કે, આ સૂત્રો હિન્દુ રક્ષા દળના સભ્યો દ્વારા લખવામાં આવ્યા છે.

આ સ્લોગન્સ સ્પ્રે પેઈન્ટથી લખવામાં આવ્યા હતા. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનએ જણાવ્યું હતું કે, જેએનયુમાં આ પ્રકારનું કૃત્ય પહેલીવાર નથી થયું.

## તંત્રી સ્થાનેથી...

# રૂપિયો ઘસાઈને ઉજળો થઈ રહ્યો છે

*આઝાદીના અમૃત મહોત્સવના વર્ષે એટલે કે ૭૫-મે વર્ષે ડોલરનું મૂલ્ય ૮૦ રૂપિયાને પાર પહોંચ્યું છે. ડોલરની નોટ તો જવા દો; જેમણે છેલ્લા કેટલાક વર્ષોથી ૨૦૦૦-ની નોટ પણ નથી જોઈ એવા લોકો પણ ડોલર અને રૂપિયાની ચર્ચામાં કૂદી પડયા છે. મોદીજી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ડોલર સામે રૂપિયાનું મૂલ્ય ૬૦-ને પાર જતાં તેમણે કોંગ્રેસ સરકારની બરાબરની ઝાટકણી કાઢી હતી. મોદીજીના એ જૂના વિડીયો અત્યારે વાયરલ થઈ રહ્યા છે. કેટલાક લોકો આજતકના પ્રાઈમ એંકર્સ સુધીર ચૌધરી તથા અંજના ઓમ કશ્યપના મોદીજી વડાપ્રધાન બન્યા તે પહેલાના ટ્વીટ્સના સ્ક્રીનશોટ વાયરલ કરી રહ્યા છે; જેમાં ડોલર સામે ઘસાતા જતા રૂપિયા બાબતે તેઓએ ત્યારની કોંગ્રેસ સરકારને આડે હાથ લીધી હતી. વડાપ્રધાનના જૂના વિડીયો અને આ પત્રકારોની જૂની ટ્વીટ્સ કરતાં પણ વધારે ચર્ચા થઈ રહી છે શ્રીશ્રી રવિશંકર નામના એક સાધુએ કરેલી એક ટ્વીટની. કહેવાની જરૂર નથી કે એ ટ્વીટ પણ મોદીજી વડાપ્રધાન બન્યા તે પહેલાં કરવામાં આવેલી છે. ખૂબ જ ચર્ચામાં રહેલી અને વાયુવેગે વાયરલ થઈ રહેલી એ જૂની ટ્વીટમાં તેમણે લખ્યું હતું કે મોદીજી જો વડાપ્રધાન બનશે તો પ્રતિ ડોલર રૂ. ૪૦-ની કિંમત સાથે રૂપિયો મજબૂત બનશે.*

*‘મોદીજી કે આજતકના પત્રકારો કે શ્રીશ્રી રવિશંકર પર સવાલ ઉઠાવનારાઓને પહેલો સવાલ એ કે શું મોદીજી કે સુધીર ચૌધરી કે અંજનાજી કે શ્રીશ્રી રવિશંકર અર્થશાસ્ત્રીઓ છે? જી ના. ૨૦૧૪ પહેલાં મોદીજી રાજકારણી હતા, અંજનાજી અને સુધીરજી પત્રકાર હતા અને શ્રીશ્રી રવિશંકર સાધુ હતા. આજે પણ તેઓ પહેલાં જે હતા તે જ છે. રાજકારણ, પત્રકારત્વ, ધર્મ અને અર્થશાસ્ત્ર- આ ચારેય એકબીજાથી ભિન્ન એવાં ક્ષેત્રો છે. કાઠીયાવાડી હોટલનો કારીગર કઢી વિશે પોતાનું જ્ઞાન વ્યક્ત કરે તો તેને ધ્યાનથી સાંભળવું; પણ એ ઈડલી અને ઢોંસા સાથે ખવાતા/પીવાતા સાંભાર અંગે પોતાનું જ્ઞાન પીરસવા બેસે ત્યારે ચેનલ બદલી નાખવી.*

*ડોલર સામે ગગડતા જતા રૂપિયા અંગે મોદીજી કે આજતકના પત્રકારો કે રવિશંકરજી અગાઉ જે કાંઈ બોલ્યા હશે તેને મન પર ન લેવામાં જ આપણું ડહાપણ સમાયેલું છે. ડોલર સામે ઘસાઈ રહેલા રૂપિયા સામે મોદીજી ત્યારે બળાપો કાઢતા હતા. અત્યારે રૂપિયો ઘસાઈને સાવ સાબુની પતરી જેવો બની ગયો છે ત્યારે તે ચૂપ છે. કારણ કે ત્યારે તે વિપક્ષ હતા અત્યારે તે શાસક છે. કોંગ્રેસ ત્યારેય ચૂપ હતી કારણ કે કોંગ્રેસ ત્યારે શાસક હતી. કોંગ્રેસ અત્યારે બખાળા કરે છે કારણ કે તે અત્યારે વિપક્ષ છે. પત્રકારો ત્યારે સરકારના ધજાગરા ઉડાડતી ટ્વીટ્સ કરતા હતા કારણ કે તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહ એ પત્રકારો પાછળ ઈડી કે સીબીઆઈ છૂટી મુકતા ડરતા હતા. અત્યારે પત્રકારો ચૂપ છે કારણ કે ૫૬-નો સીનો ધરાવતા મોદીજી આવા પત્રકારો પર ઈડી કે સીબીઆઈનો છાપો મારતા લેશ માત્ર ડરતા નથી.*

*ધાર્મિક હસ્તિ શ્રીશ્રી રવિશંકર ત્યારે એક ડોલરના ૪૦- રૂપિયા વાળો દાવો કરતા હતા કારણ કે ત્યારે રૂપિયો સ્યુડોસેક્યુલર અને સ્યુડોરાષ્ટ્રવાદી હતો. પણ હવે મોદીજીના શાસનકાળ દરમિયાન તે સ્યુડોસેક્યુલરમાંથી જેન્યુઈન હિન્દુ બની ગયો છે, નકલી રાષ્ટ્રવાદીમાંથી અસલ રાષ્ટ્રવાદી બની ગયો છે. હવે આવો પાકો હિન્દુ અને નખશિખ રાષ્ટ્રવાદી એવો રૂપિયો ડોલર સામે ૪૦ ને બદલે ૮૦ પર પહોંચે એટલા જ કારણથી એને નવો અવતાર આપનાર મોદીજી પર ફિટકાર કે ટ્વીટકાર વરસાવવા ન બેસાય તેવું ડહાપણ તેઓશ્રી ધરાવે છે.*

# રાજુ રદીએ તમામ ચૂંટણી લડવા મનમાં ગાંઠ વાળી. કારણ કેપ.!!!

“દુખ ભરે દિન બીતે રે ભૈંયા, અબ સુખ આયો રે, રંગ જીવનમેં નયા લાયો રે રેરેરેરૈં હોંહોહોહોં” રાજુ રદી સાલ્લા મૈં તો સાબ બન ગયા લુકમાં હતો. રેબેનના ગોગલ્સ, નાઈકીની કેપ, પોલિ ખાદીનો ક્રિમ ઝભ્ભો, સફેદ લેંઘો, બે હાથમાં આઈ ફોન મોબાઈલ. લઘરવઘર લઘરામાંથી લાટસાહેબ બની ગયેલો. મિત્ર તરીકે રાજુ રદી ખુશ રહે તેનાથી વધુ શું જોઈએ?? તેનું મુખારવિંદ શરદપૂનમના ચાંદ કે શેરબજારની આગઝરતી તેજી સમાન પ્રફુલ્લિત અને નવપલ્લવિત ભાસતું હતું!!અંગે અંગમાંથી આનંદના ફૂવારા બોન્બની કરચોની જેમ વછૂટતા હતા!!

“ રાજુ. હવે તો તારું નકકીને?? બહું ખુશખુશાલ છે? ગીધ દહીંથરું લઈ ગયો એવો ઘાટ થયો છે! ક્યારે જાન જોડવાનો છું?” રાજુ રદી સાશ્વત કુંવારો છે.( તળપદી બોલીમાં ઢાંઢો કે હરાયો ઢોર હતો. જે શિંગડા ઉછાળીને ગમે ત્યાં કુંવારી કે ખેડાયેલી જમીનમાં ભેલાણ કરતો હતો. પણ લગ્નના ખૂંટે બંધાતો ન હતો!!) મે રાજુની દુખતી નસ પર હાથ મુકયો !!

“ ગિરધરભાઈ. તમે સમજો એવું લગીરે નથી. તમે પૈસા યહ પૈસા, નહીં તો આમ મુસીબત ગીત હાઈવે મારો તેજોવધ કરતા હતા. મારી મુફલિસીની મજાક ઉડાવતા હતા. મેં પૈસા કમાવવાની ખાણ ખોળી કાઢી છે. હવે પૈસા આપોઆપ મારા પગમાં આવશે. હું તેને મારા પગની જુતી બનાવીશ.!!” ભગવાન જાણે રાજુએ કયો સ્ટાર્ટઅપ, ઈનોવેશન્ટીવ કે આત્મનિંભર પ્રોજેકટ પકડી પાડ્યો હશે??

“ રાજુ પૈસા ઝાડ પર ઉગતા નથી. ( તમને મનમોહનસિંહ કેમ યાદ આવે છે?તમે વૃક્ષ પરના ફળફળાદિ માફક પૈસા ચૂંટી શકતા નથી. તને જેકપોટ લાગ્યો છે? લોટરી કે ઘોડાદોડમાં પૈસા મળ્યા છે?” મેં રાજુને સવાલ કર્યો.“ ગિરધરભાઈ. વિધાનસભાની ચૂંટણીમાં મારો બાયોડેટા મોકલી ટિકિટની માંગણી કરેલ. કોઈ ભડના દીકરાએ મને ટિકિટ આપી નહીં. મને ચૂંટણી ચડેલી. છોરો કે’દાડાનો ચૂંટણી લડું લડું કરતો હતો. કોઈ પક્ષે મને ટિકિટ ન આપી. આદ્ય કવિ નર્મદની જેમ ડગલું ભર્યું તે ના હટું કે ના હટું એ ઉક્તિ મુજબ અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું . મારા વિધાનસભા વિસ્તારમાં બધા થઈને સવાસો ઉમેદવાર ચૂંટણીમાં ભાગ્ય અજમાવે છે. જેમાંથી નવાણુએ તો ૧૨.૩૯ ના વિજય મૂહુર્તમાં ફોર્મ ભર્યું છે. ત્રણ માન્ય અને મોટા પક્ષ સિવાય ૧૪૭ ઉમેદવાર અપક્ષ છે. એમાં ૨૫ ભરત છે. અઢાર રાજુ છે. ચૌધરી અટકવાળા ચોત્રીસ છે!! કમનસીબે બધાના ફોર્મ ચકાસણીમાં વેલીડ રહ્યા. આ બધા ચૂંટણી લડે તો રાજકીય પાર્ટી માટે અવસર આફતમાં બદલાઈ જાય અને તેના ઉમેદવારનો ગરબો ઘરે લીલા તોરણે પાછો જાય!! એટલે યેનકેન પ્રકારેણ ,બાય હુક ઓર ક્રુક અપક્ષોને બેસાડવા માટે સામ, દામ, દંડ,ભેદની નીતિ અપનાવી છે. બધી પાર્ટીએ મને બોલાવ્યો છે. મારું ઓકશન-રિવર્સ ઓકશન ચાલી રહ્યું છે. હવેની ચૂંટણીમાં પક્ષની ટિકિટનું ગાજર લટકાવ્યું છે. ચૂંટણીમાંથી હટી જઉં તો લુખ્ખા વિકાસ બોર્ડમાં ચેરમેન બનાવવા તૈયાર છે!!” રાજુએ લલચામણી ઓફરની વિગતો શેર કરી.

“ રાજુ. ચૂંટણીમાં બેસી જવા માટે કોઈના ફોનબોન આવ્યા ??” મેં રાજુ રદીને પૂછયું.

“ ચૂંટણીમાંથી ખસવા માટે મારા પર ફોન ન આવે તેવું બંને ખરું?? મધ્યપ્રદેશથી મામા અને દિગી રાજા, યુપીથી બુલડોઝર બાબા અને માયાવતી, પશ્ચિમ બંગાળથી મમતા દીદી અને મિથુન’ દાનો ફોન આવી ગયો. અરે દિલ્હીથી સાહેબ ફોન કરી ધમકાવ્યો. તારા પર મારો હક્ક છે. હું કાંઈ સાંભળવાનો નથી . ચૂંટણીમાં બેસી જા. મારી વાત માનીશ તો માલામાલ વિકલી કરી દઈશ!!” રાજુએ લકસ સાબુના સ્લોગનની માફક અંદરની ડર્ટી પોલિટિકસની વાત શેર કરી.

“ રાજુ. રોકડા કેટલા મળ્યા?” મેં પૂછયું.

“ ગિરધરભાઈ . મકાન-કારની લોન ભરાઈ જાય તેટલી પેટી મળશે . એ પણ કિશ્તોમેં!!” રાજુએ ઈલેકશન ડીલ ડિકલેર કરી.

“ રાજુ,હવે શું? ફયુચર પ્લાન શું છે?” મેં પત્રકારની જેમ પૂછયું.“ ગિરધરભાઈ. મને તો કામધેનું નળી છે. માનો કે કલ્પવૃક્ષ!! પેલા અલાઉદીનના જાદુઈ ચિરાગ જેવું. દીવો ઘસીએ અને જિન હાજરાહજૂર. સિંગલ એન્જિન, ડબલ એન્જિન, ટ્રિપલ એન્જિન કે ધમાલ સરકાર બને. હુ કેર્સ? સ્વ રોજગાર માટે એમએસઈ મળી ગયો છે. પકોડા તળીને કે ચાય ઉકાળીને શું દળદાર બને?? હવે તો મેં મનમાં ગાંઠ વાળી લીધી છે. હવે ,વિધાનસભા, લોકસભા, રાજ્યસભા, રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ, વિધાન પરિષદ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત ગ્રામ પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકા, એપીએમસી, સોસાયટી, રાજયપાલ( રાજુ રદી શું કામ કહેવાય છે તેની ખબર પડી? રાજયપાલની ચૂંટણી ન હોય!! રાષ્ટ્રપતિ રાજયપાલની નિમણૂક કરે છે!!!)ની ચૂંટણીમાં અપક્ષ તરીકે ફોર્મ ભરીશ. પછી પૈસા લઈ ચૂંટણીમાંથી ખસી જઈશ. ગુજરાત ઉપરાંત ગુજરાત બહાર અને જરૂર પડયે પાકિસ્તાનમાંથી ચૂંટણી લડીશ!!” રાજુએ ફયુચર પ્લાન રજૂ કર્યો!!

મારી પાસે કશું કહેવા જેવું ન રહ્યું હોવાથી રાજુને બેસ્ટ ઓફ લક કહીને રાજુનું ઘર છોડયું.

ભરત વૈષ્ણવ
૦૪.૧૨.૨૦૨૨.

# મતદાન સમયે ઓળખના પુરાવા બાબતે જિલ્લા ચૂંટણી તંત્રની સ્પષ્ટતા

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આગામી તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ (અમદાવાદમાં બીજા તબક્કાની) ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જે બાબતે ચૂંટણી પંચની સૂચનાનુસાર તમામ મતદારોને નીચે દર્શાવેલ બાબતોની તકેદારી રાખવા વિનંતી છે.

મતદાન મથક ખાતે મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ડિવાઈઝ લઈ જવા પર પ્રતિબંધ છે.

મતદાર કાપલીએ મતદાન માટે માન્ય પુરાવા તરીકે ગણાશે નહી.મતદાન મથકે પોતાની ઓળખ માટે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ કરવાના રહેશે. ફોટો ઓળખપત્ર રજૂ ન કરી શકે તેવા મતદારોએ તેમની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે નીચેના પૈકી એક અસલ દસ્તાવેજ (ડિજિટલ કે ઝેરોક્ષ કોપી માન્ય ગણાશે નહી.) રજૂ કરવાનો રહેશે.

૧) આધારકાર્ડ,

૨) મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ

૩) બેક્ર પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક,

૪) શ્રમ મંત્રાલયનો યોજના અન્વયે આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ,

૫) ડ્રાઈવિંગ લાઈસન્સ,

૬) પાનકાર્ડ,

૭) એનપીઆર (National Population Register) અન્વયે આરજીઆઈ દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ

૮) ભારતીય પાસપોર્ટ,

૭) ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ,

૧૦) કેન્દ્ર/રાજ્ય સરકારના જાહેર ક્ષેત્ર ઉપક્રમો, જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, અને

૧૧) સંસદ સભ્યો, ધારાસભ્યો વિધાનસભા પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો,

૧૨) Unique Disability ID (UDID) Card, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરની અપિલ

**■ગુજરાતની પ્રજા પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનના ઉત્સવને સંકલ્પ સ્વરૂપે મનાવેઃ શ્રી જગદીશ ઠાકોર**

**■ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરાં કરવામાં આવશેઃ શ્રી જગદીશ ઠાકોર**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આવતી કાલે તા. ૫ ડીસેમ્બરના રોજ બીજા ચરણની ૯૩ સીટોનું મતદાન સંપન્ન થવાનું છે ત્યારે સમગ્ર ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનના ઉત્સવને સંકલ્પ સ્વરૂપે મનાવે અને લોકશાહીને વધુ મજબુત કરે તેવી કોંગ્રેસ પક્ષ વતી હું અપીલ કરું છું તથા પ્રથમ તબક્કામાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરેલ દરેક મતદાતાઓનો કોંગ્રેસ પક્ષ વતી ખૂબ ખૂબ આભાર માનું છું.

ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે.



રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરા કરવામાં આવશે.

પ્રત્યેક વ્યક્તિને ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર, તમામ દવાઓ વિનામૂલ્યે, ઘર વપરાશની વીજળીમાં ૩૦૦ યુનિટ માફ, રૂ. ૫૦૦ માં ઘરેલું ગેસ સિલિન્ડર, યુવાનો માટે ૧૦ લાખ સરકારી નોકરીની તક, બેરોજગાર યુવાનોને માસિક રૂ. ૩૦૦૦ નું બેરોજગારી ભથ્થું, સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ પ્રથાનો અંત, સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ, ૩,૦૦૦ સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ સ્થપાશે, દીકરીઓને KGથી PG સુધીનું શિક્ષણ નિઃશુલ્ક, કિડની, લિવર અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ નિઃશુલ્ક, આધુનિક સુવિધાઓથી સજ્જ અદ્યતન હોસ્પિટલો બનાવવામાં આવશે, કોરોનામાં મૃત્યુ પામેલ પ્રત્યેક વ્યક્તિના પરિવારને રૂ. ૪ લાખની સહાય, શહેરી વિસ્તારોમાં ૧૦૦ દિવસની રોજગારી ગેરંટી યોજના સાથે માથા આઠ રૂપિયામાં પૌષ્ટિક ભોજનની વ્યવસ્થા, ગુજરાતમાં કોંગ્રેસે જે વચનો આપ્યા છે તે પુરાં કરશે કારણ કે કોંગ્રેસનો ટ્રેક રેકોર્ડ છે કે કોંગ્રેસે જે કહ્યું છે તે કરી બતાવ્યું છે.

ગુજરાતના પ્રથમ ચરણના મતદારોનો ખૂબ ખૂબ આભાર કે જેમણે કોંગ્રેસની તરફેણમાં મતદાન કરીને લોકશાહીને મજબૂત બળ પુરું પાડ્યું છે. આ સાથે તા. ૫ ડીસેમ્બરના રોજ બીજા ચરણના દરેક સુજ્ઞ મતદારોને કોંગ્રેસની તરફેણમાં મત આપી લોકશાહીના પર્વને કર્તવ્યનિષ્ઠાથી નિભાવવા ફરીથી નમ્ર અપીલ છે.

# મહારાષ્ટ્રના રાજ્યપાલ કોશ્યારીની ખુરશી પર સંકટના વાદળો ઘેરાયા

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીની ખુરશી ખતરામાં છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ રાજ્યપાલ કોશ્યારીની વિદાયના સંકેત જોવા મળી રહ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષી નેતા અજિત પવારે તેની તારીખ પણ જણાવી દીધી છે. છત્રપતિ શિવાજી મહારાજ પર આપેલા નિવેદન બાદ રાજ્યપાલ ચારે તરફથી ઘેરાયેલા છે. વિપક્ષ સતત તેમને મહારાષ્ટ્રની બહાર મોકલવાની માંગ કરી રહ્યું છે. જનતામાં પણ હાલમાં ખુબ આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે કેન્દ્ર સરકાર પર પણ રાજ્યપાલને મહારાષ્ટ્રમાંથી અન્ય કોઈ જગ્યા પર મોકલવા માટે દબાણ વધતું જઈ રહ્યું છે.

છત્રપતિ શિવાજી મહારાજના વંશજ ઉદયન રાજે ભાજપના સાંસદ હોવા છતાં પણ રાજ્યપાલ પર કાર્યવાહી ના થતાં નારાજગી વ્યક્ત કરી રહ્યા છે અને પાર્ટીથી વિરોધ લાઈન લઈને પોતાના સમર્થકોની સાથે રાયગઢથી કુચ કરી ચૂક્યા છે. તે આ મુદ્દે આરપારની લડાઈ લડવાના મુડમાં છે.મહારાષ્ટ્રની વિધાનસભામાં વિપક્ષી નેતાએ બીજીવાર ઉલ્લેખ કર્યો કે જ્યારે તે રાજભવનમાં જઈ રાજ્યપાલને મળે છે તો રાજ્યપાલ તેમને એ જ કહી રહ્યા હતા કે ‘ઘણુ થઈ ગયુ હવે, મારે અહીંયાથી જવું છે’ પવારે કહ્યું કે જે જાતે જ જવા ઈચ્છી રહ્યું છે, તેમને મોકલી દોને, ૫ ડિસેમ્બરે ગુજરાતમાં બીજા તબક્કાનું મતદાન છે. અપેક્ષા છે કે ત્યારબાદ રાજ્યપાલ પર કાર્યવાહી કરવામાં આવશે.

છત્રપતિ શિવાજી મહારાજ પર આપવામાં આવેલા નિવેદનથી મહારાષ્ટ્રમાં લગભગ તમામ પાર્ટીઓના નેતાઓ અને કાર્યકરો તેમના વિરુદ્ધ ભડક્યા છે. તેમણે ડો.બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટીના કાર્યક્રમમાં કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ જૂના આદર્શ છે, આજના આદર્શ નીતિન ગડકરી છે.

# સાંઈબાબાના ચરણોમાં શિશ ઝુકાવ્યું અને યુવાન ભક્તને મોત નિપજયું : લોકો ભયમાં

કટની,તા.૪

છેલ્લા કેટલાક સમયથી લાઈવ મોતના એવા વીડિયો સામે આવી રહ્યાં છે કે લોકોમાં ડર ભરાઈ ગયો છે. મોત ક્યારે અને કેવી રીતે આવશે તેવુ લોકો વિચારી રહ્યાં છે. આવામાં એક યુવકને સાંઈબાબાના મંદિરમા માથુ ટેકવતા જ મોત આવ્યુ હતું. કહેવાય છે કે, યુવકે જેમ સાંઈબાબાના ચરણોમાં શિશ ઝૂકવ્યું, અને તે ત્યાંથી ઉઠી જ ન શક્યો. હાર્ટ એટેકથી યુવકનુ મોત નિપજ્યું. પરંતુ આ ચોંકવનારા બનાવના સીસીટીવી સામે આવ્યા છે.

આ ઘટના મધ્યપ્રદેશના કટનીમાં બની હતી, જેનો વીડિયો શનિવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જ્યાં કાટનીમાં રહેતો યુવક રાકેશ મેહાની કુથલા પોલીસ સ્ટેશન વિસ્તારાન એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટમાં આવેલ સાંઈબાબા મંદિરમાં દર્શન કરવા ગયો હતો. ૪૨ વર્ષીય રાકેશ મેહાની રોજિંદા ક્રમની જેમ મંદિરમા ગયા હતા, અને તેઓએ રાકેશ મેહાની મંદિરના ગર્ભગૃહમાં સાંઈબાબાની પ્રતિમાની પ્રદક્ષિણા કરી હતી.

તેના બાદ શ્રદ્ધાના ભાવથી સાંઈબાબાના મૂર્તિ પાસે માથુ ટેકવ્યું હતું. પરંતુ રાકેશ મેહાની લાંબો સમય સાંઈબાબાના ચરણોમાથી ઉઠ્યા ન હતા. તેમને સતત બેસેલી મુદ્રામાં જોતા, અને કોઈ હલનચલન ન થતા મંદિર તંત્રનું ધ્યાન ખેંચાયુ હતું.

મંદિરના વ્યવસ્થાપકે પહેલા રાકેશને બૂમ પાડીને બોલાવ્યા હતા, પરંતુ કોઈ જવાબ ન મળતા તેમણે ઢંઢોળ્યા હતા, જેથી રાકેશ ત્યાં જ ઢળી પડ્યા હતા. જેથી તાત્કાલિક તેમને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા.


તબીબોના જણાવ્યા અનુસાર, રાકેશ મેહાનીને હાર્ટ એટેક આવ્યો હતો.

# અસમના સાંસદ બદરુદ્દીન અજમલે વિવાદિત નિવેદન પર માફી માંગી

ગોવાહાટી,તા.૪

અસમના નેતા બદરુદ્દીન અજમલના હિન્દુઓએ વસ્તી વધારવા માટે મુસ્લિમ સમુદાયની ફોર્મ્યુલા અપનાવવાના નિવેદનનો વિરોધ થઈ રહ્યો છે. તેની બાદ તેમણે પોતાના નિવેદન અંગે માફી માંગી છે. તેમણે કહ્યુ હતું કે મારી ભાવના કોઈ જાતિ , સમુદાયને દુઃખ પહોંચાડવાની નથી છતા પણ આ નિવેદનથી કોઈને વાંધો હોય તો મારુ નિવેદન પરત ખેંચું છું. બદરુદ્દીન અજમલે વિવાદિત નિવેદન અંગે માફી માંગતા જણાવ્યું હતું કે આપણે વસ્તી નિયંત્રણ અંગે વિચાર કરવો જોઈએ.ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના પ્રમુખ અને અસમના સાંસદ બદરુદ્દીન અજમલે શુક્રવારે કહ્યુ કે હિન્દુઓએ તેમના બાળકોના લગ્ન નાની ઉમરે કરવા જોઈએ સાથે એ પણ કહ્યુ કે હિન્દુઓ લગ્ન પહેલા મોજ-મસ્તી માટે એક – બે પત્નિ રાખે છે અને ૪૦ વર્ષ પછી માતા-પિતાના દબાણમાં આવીને લગ્ન કરે છે. માટે કોઈ કેવી રીતે આશા રાખે કે ૪૦ વર્ષ પછી બાળકને જન્મ આપશે.

---



ના મળે દરિયો કશો વાંધો નથી,
ના મળે બળિયો કશો વાંધો નથી,
આપણે છીએ કલમની જાત કૈ,
ના મળે ઠળિયો કશો વાંધો નથી,
આપવીતી લખશું લોહીથી હવે,
ના મળે ખળિયો કશો વાંધો નથી,
આંખ મીંચી લવ પહેલા એ મળે,
ના મળે પરીઓ કશો વાંધો નથી,
છે નજર કાફી ઝખ્મી કરવા હવે
ના મળે છરિયો કશો વાંધો નથી,
હિંમતસિંહ ઝાલા (બાલાસિનોર )

---


ગઝલ



નથી મતલબ હવે સંવાદનો કોઈ,જવા દે તું!
દલીલો છે બધી મિથ્યા, વિવાદો ટાળવા દે તું!
ધડાકો થાય ના કાયમ, રમકડું તૂટતી વેળા!
નિરર્થક લાગશે ટુકડા, છતાંયે વીણવા દે તું!
સ્મરણ તારું સહારો છે કે એની કેદમાં છું હું?
ગુનો કોનો? સજા કોને? બધુંયે તય થવા દે તું!
પડું, દોડું, ફરી પાછો પડુંને, છે મજા એની!
ઉપર-નીચે થતાં ચગડોળને બસ માણવા દે તું!
હતું ઘર બંધ એવું કે, વિચારો વાયુ થઈ બેઠા!
ખૂલેલાં દ્વારથી તાજી હવાને ઝીલવા દે તું!
‘સુનીલ’ ‘રાચાણ’ “ ‘અંતર’ ”
‘વડોદરા’

---

તારો સાથ



ઊઘડે મારી આંખલડી ને છલકે તારો સાથ,
અંતરના હર ધબકારા મા ધબકે તારો સાથ.
અજાણી આ દુનિયામાં હું ભટકું આમ તેમ,
જીવનપથના પગલે પગલે ચાલે તારો સાથ.
સંબંધોના સમદરમાં અટવાયેલો આ જીવ,
અણસમજની આંટીઘૂંટીને ઉકેલે તારો સાથ.
સુખના દહાડામાં તો લાગે આ સફર સોહામણી,
અઠંગ આવેલા દુઃખના ડુંગરા કાપે તારો સાથ.
જન્મારો આખો જાય વિતી નામ તારું લેતા,
હે મારા ‘‘મુરલીધર’, મારા હોઠે મલકે તારો સાથ.
રાજેશ ‘‘રામ‘ (પોરબંદર )

---



જીર્ણતાનો એ સીધો પર્યાય છે,
મા વગરનું ઘર હવે સમજાય છે.
એક મૂંગી ચીસ પણ પડઘાય છે,
હાથ બે લાચાર જ્યાં લંબાય છે.
દર્દ ખાલી નામથી બદનામ બસ,
સાચી પીડા સુખ પછી વરતાય છે.
ટેવ પડતી જાય છે સૌને હવે,
કોઈ પણ, કારણ વગર રિસાય છે!
કોઈ ઈચ્છા કે ઉમળકા છે જ ક્યાં!
એક સરખા રંગ સૌ દેખાય છે.
-પ્રશાંત શુક્લ- (અમરેલી )

---



પ્રથમ જે જુના છેને એની દવા દે,
ન ઝખ્મો હૃદયને તું રોજે નવા દે.
શરુઆત પણ પાછી થઈ તો શકેને!
ભૂલી જા વીતી વાતો ચાહત થવા દે.
જશે શ્વાસ મારા જુદા થઈને સાથી,
શ્વસી લઉં હજી જો મિલનની હવા દે.
નહીં ફાવે છબછબિયાં કરવા પ્રણયમાં,
હવે છેક મઝધારે પહોંચી જવા દે.
તું છે જિંદગીમાં જો સાથે સનમ ‘નિત‘
શું! ઔકાત આફતની છે આવવા દે.
નિતેશ ટાંક ‘નિત‘..(સુરત)

---

થઈ ગઈ
અમે કંસાર કરવા ગયા,
સંસારની થુલી થઈ ગઈ.
ભૂરી આંખોને દિલ દીધું,
જીંદગી ત્રિશૂલી થઈ ગઈ.
સપનાનું કોઈ લેવાલ નથી,
સપનાઓ મૂલી થઈ ગઈ!!
મને પાલવ અડયાનો વહેમ,
ભૂલ મહામૂલી થઈ ગઈ!!
દોકડાના ભાવે વેચાય છે,
જીંદગી મામૂલી થઈ ગઈ
સાંકડમુકડ કયાં સમાય?
ઈચ્છાઓ ખોલી થઈ ગઈ.
ભરત વૈષ્ણવ
૦૪.૧૨.૨૦૨૨.

---



એક ઉપાધિ હજુ તો ગઈ છે.
ત્યાં બીજી ઉંબરે ઉભી ગઈ છે.
જીંદગીય કોણ જાણે કેવી છે,
જોને સાવ પનારે પડી ગઈ છે.
હજુ તો માંડ માંડ આંખો મીંચી,
ત્યાં તો પાછી સવાર થઈ ગઈ છે.
આનંદ તુજ આવીને દૂર કરને,
ઉદાસી જોને ઘર કરી ગઈ છે.
આ જવાબદારીય કેવી ભુખી હશે?
મારી બધી જ ખુશીઓ ખાઈ ગઈ છે.
હવે છોડુ નહીં તો શું કરું ‘નીરવ‘
આ જીંદગી, ખુદાની થઈ ગઈ છે.
- ધર્મેશ કાગડિયા, (દે.દ્વારકા)



# એક મોકો મુકેશ પટેલને
# એક મોકો કેજરીવાલને !



**મુકેશ પટેલ**
ઉમેદવાર, 36 - ગાંધીનગર ઉત્તર

ગાંધીનગર ઉત્તરની જનતાનો એકજ સંકલ્પ, બસ હવે, પરિવર્તન !

## (નિવૃત્ત સરકારી કર્મચારી!)

આપ
આમ આદમી પાર્ટી
ગુજરાત

## કેજરીવાલની ગેરંટી

૧) યુવાનોને ૧૦ લાખ રોજગારની ગેરંટી
૨) જુની પેન્શન યોજના (OPS) ફરીથી લાગુ કરવાની ગેરંટી
૩) કંપનીઓમાં ૮૦% લોકલ કર્મચારીને ભરતીની ગેરંટી
૪) દર મહિને ૩૦૦ યુનિટ વિજળી ફ્રી આપવામાં ગેરંટી
૫) ૨૦૨૧ સુધીના જુના વિજળીના બીલ માફ કરવાની ગેરંટી
૬) નર્મદાનું પાણી પહોંચાડવાની ગેરંટી
૭) બે લાખ સુધી ખેડૂતોનું દેવુ માફ કરવાની ગેરંટી
૮) ૨૦૦૦૦ પ્રતિ એકર વળતર આપવાની ગેરંટી
૯) પોલીસ પે ગ્રેડ વધારવાની ગેરંટી
૧૦) કાચા કર્મચારીઓને પાકા કરાવવાની ગેરંટી
૧૧) સારુ અને મફત શિક્ષણ આપવાની ગેરંટી
૧૨) દરેક ગામમાં હોસ્પિટલ સુવિધા ઉભી કરવાની ગેરંટી
૧૩) ફ્રી ઈલાજ, તપાસ અને દવાની ગેરંટી
૧૪) મહિલાઓને દર મહિને ૧૦૦૦ રુપિયા આપવાની ગેરંટી
૧૫) બેરોજગારોને ૩૦૦૦ રુપિયા ભથ્થું આપવાની ગેરંટી
૧૬) આદિવાસીઓને હક અધિકારની ગેરંટી
૧૭) રાજ્યમાં ભ્રષ્ટાચાર મુકત પ્રશાસનની ગેરંટી
૧૮) વિકલાંગોને હક અધિકારની ગેરંટી
૧૯) દરેક સરપંચને ૧૦૦૦૦ રુપિયા પગાર અને પંચાયતને ૧૦ લાખ ગ્રાન્ટ આપવાની ગેરંટી
૨૦) વડીલોને તેમની મનપસંદ જગ્યાએ સંપૂર્ણપણે મફત તીર્થ લઈ જવાની ગેરંટી
૨૧) વ્યાપારીને ભયમુકત વ્યાપારની ગેરંટી
૨૨) જીએસટી સરળ અને તાત્કાલિક નિરાકરણની ગેરંટી
૨૩) સારા રસ્તા, પાણી, ગટર અને દરેક ગામમાં સીસીટીવીની સુવિધા આપવાની ગેરંટી

આપણો માણસ ... આપણો મુકેશ...
આપના સૌની સાથે સતત રહેતા મુકેશ પટેલને મત આપો

પરિવર્તનજ સંકલ્પ! મુકેશ પટેલ એકમાત્ર વિકલ્પ!

## દિલ્હી અને પંજાબ બાદ હવે ગુજરાતમાં પણ પરીવર્તન ની લહેર

ઝાડુનું બટન દબાવો

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી ૩૬ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના વિસ્તાર ના આપણા લોક લાડીલા અને સેવાભાવી ઉમેદવાર એવા નિવૃત્ત સરકારી કર્મચારી

**મુકેશ પટેલ**
ઉમેદવાર, 36 - ગાંધીનગર ઉત્તર

ને ઝાડુનું બટન દબાવી આપશ્રીનો કિંમતી અને પવિત્ર મત આપી જંગી બહુમતિથી વિજયી બનાવો.

**હવે પરીવર્તન નક્કી**

| ક્રમાંક | ઉમેદવારનુ નામ | નિશાન | બટન દબાવો |
|---|---|---|---|
| 4 | મુકેશ પટેલ | | |

દર વર્ષે 2 લાખ રુપિયા કરતા પણ વધારેની બચત 5 વર્ષમાં ગુજરાતના દરેક પરિવારની ઓછામાં ઓછી 11 લાખની રુપિયાની બચત પાક્કી છે.

# એક મોકો મુકેશ પટેલને
# એક મોકો કેજરીવાલને !

પરિવર્તનજ સંકલ્પ! મુકેશ પટેલ એકમાત્ર વિકલ્પ !



પ્રકાશક: આમ આદમી પાર્ટી, ગાંધીનગર

# કોંગ્રેસ OBCના CM અને ૩ ડેપ્યુટી CM મામલે સ્પષ્ટ છે. ગરીબ-વંચિત-આદિવાસી સમુદાયને ન્યાય આપી તેઓની મૂળભૂત માગણીઓ પૂરી કરવા કોંગ્રેસ વચનબધ્ધ છેઃ શ્રી અર્જુન મોઢવાડીયા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પોલીસ ખાતાના ભાજપ સમર્પીત અધિકારીઓને ચેતવણી આપે છે, પોલીસ અને પ્રશાસન ભાજપનું નહીં પરંતુ ભારતની સર્વોચ્ચ સ્વાયત સંસ્થા એવી ચૂંટણી પંચની દેખરેખ નીચે કામ કરી રહ્યા છો. ગુજરાત પોલીસના અધિકારીઓ ભાજપના નહિ ચૂંટણી પંચના તાબા હેઠળના અધિકારીઓ છે અને સંવિધાન, ચૂંટણી પંચ અને કાયદા પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છેઃ શ્રી અર્જુન મોઢવાડીયા

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી (૨૦૨૨)ના બીજા તબક્કાનું મતદાન થવા જઇ રહ્યું છે. ગુજરાતી પ્રજાએ પ્રથમ તબક્કામાં કોંગ્રેસ તરફી ભારે મતદાન કર્યું છે. લોકશાહીના મહાપર્વની કાલે બીજા તબક્કાની ઉજવણી થઇ રહી છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયાએ પ્રશાસન અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પોલીસ ખાતાના ભાજપ સમર્પીત અધિકારીઓને ચેતવણી આપે છે, પોલીસ અને પ્રશાસન ભાજપનું નહીં પરંતુ ભારતની સર્વોચ્ચ સ્વાયત સંસ્થા એવી ચૂંટણી પંચની દેખરેખ નીચે કામ કરી રહ્યા છો. ગુજરાત પોલીસના અધિકારીઓ ભાજપના નહિ ચૂંટણી પંચના તાબા હેઠળના અધિકારીઓ છે અને સંવિધાન, ચૂંટણી પંચ અને કાયદા પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છે. કોંગ્રેસે સીધો આક્ષેપ છે કે, પોલીસ અધિકારીઓ ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયાએ મોટું નિવેદન આપતા વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ OBCના CM અને ૩ ડેપ્યુટી ઝસ મામલે સ્પષ્ટ છે.

ગરીબ-વંચિત-આદિવાસી સમુદાયને ન્યાય આપી તેઓની મૂળભૂત માગણીઓ પૂરી કરવા કોંગ્રેસ વચનબધ્ધ છે. મુખ્યમંત્રી નક્કી કરવો અમારા માટે કોઈ મોટી વાત નથી. તમામ સમુદાયો કોંગ્રેસની સાથે છે અને ગુજરાતના તમામ મતદારોએ કોંગ્રેસ પર વિશ્વાસ મુકી દીધો છે. અમે એવા મુખ્યમંત્રી જાહેર નહી કરીએ કે જેમને બદલવા પડે. અમારા પૂર્વ મુખ્યમંત્રીઓ અને નેતાઓ સંવિધાન અને પ્રજાલક્ષી કાર્યો પ્રત્યે વચનબધ્ધ બની રહ્યા હતા અને આવનારા સમયમાં પણ વચનબધ્ધ રહેશે. કોંગ્રેસ પાર્ટીમાં મુખ્યમંત્રી




પદ માટે દાવેદારી કરવાનો હક તમામ કોંગ્રેસના ચૂંટાયેલા ઉમેદવારોને છે. લોકશાહી મુજબ અમે સર્વસંમતિથી તે પાર પાડીશું. ચુંટાયેલા ધારાસભ્યો જ મુખ્યમંત્રીના ઉમેદવારનું નામ નક્કી કરશે.

ભાજપ પોતાની હાર માની ચૂકી છે. પ્રથમ તબક્કામાં ભારી માત્રામાં કોંગ્રેસ તરફી થયેલા મતદાનથી ભાજપ ડરી ગઇ છે. આ ડર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેથી પાછળા બારણેથી ભાજપ સમર્થીત પોલીસ અધિકારીઓ અને પેરોલ પર છોડેલા અસામાજિક તત્ત્વોને છુટો દોર આપી દીધો છે. અધિકારીઓ લોકોને ધમકાવી રહ્યા છે, જયારે અસામાજિક તત્ત્વો લોકોને ડરાવી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ અપીલ કરે છે કે લોકશાહીના પર્વમાં હાડકા નાખવાનું કામ કરતા પોલીસ અધિકારીઓ બંધ કરે. ચૂંટણી પંચે વ્યવસ્થામાં ગોઠવેલા અધિકારીઓ સિવાય ચૂંટણીમાં ડ્યૂટી નથી તેવા LCB, ક્રાઈમ બ્રાન્ચ અને અમુક IPS ભાજપનો હાથો બની કામ કરી રહ્યા છે.

કોંગ્રેસનું નિવેદન છે કે ચૂંટણી પંચ તટસ્થ રીતે મતદાન કરાવે. અસામાજીક તત્ત્વ પર ચાપતી નજર રાખે. બિનલોકતાંત્રિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરતા અધિકારીઓ સામે આવેલી ફરિયાદોને ઉપર તાકિદે ધ્યાન આપે. કોંગ્રેસે જાહેર અપીલ કરી છે કે અધિકારીઓ તટસ્થતાથી - નિષ્પક્ષતાથી કામ કરે.

વડાપ્રધાન ગુજરાતની ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, તેમને ભાજપની હાર સ્પષ્ટ દેખાઇ રહી છે. વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહે ગુજરાતમાં જ્યાં જ્યાં પણ જનસભા કરી ત્યાં તેને નબળો પ્રતિસાદ મળ્યો, જે પ્રથમ તબક્કાના મતદાનમાં સ્પષ્ટ નજરે ચઢી રહ્યું છે. તેઓએ કરેલી અપીલને પણ લોકોએ નજરઅંદાજ કરી છે. હવે બીજા તબક્કામાં કોઇ મુદ્દો ન મળતા સો ટકા મતદાનની અપીલોના હોર્ડિંગ સમગ્ર જગ્યાએ જોઇ શકાય છે.

ગુજરાતના લોકો સમજી ગયા છે કે રાજ્યમાં ભય-ભૂખ-ભ્રષ્ટાચારનું શાસન છે. મુળ મુદ્દાને કિનારે કરી ભાજપ રાજનીતિ કરી રહી છે. ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ લોકોની મુશ્કેલીઓને વાચા આપવા જનઆંદોલનો કર્યા છે. ભાજપે ફક્ત તમાશા જ કર્યા છે. ગુજરાત કોંગ્રેસનું પ્રજા માટેના કામ બોલે છે અને ગુજરાત રાજ્યની ભાજપ સરકારના ભ્રષ્ટાચારના કાંડ બોલે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજીત પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.



સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ના પ્રમુખ શ્રી પીનાકીન રાવલ તેમજ મહિલા પ્રમુખ ડોક્ટર ધારિણીબેન શુક્લ અને સમાજના સૌ આગેવાનોએ ગુજરાત વિધાનસભાના વેજલપુર વિસ્તારના ઉમેદવાર શ્રી અમિત ઠાકર ને મળીને સમાજ વતી સન્માન કરીને આશીર્વાદ પાઠવ્યા હતા.

# રાજકોટમાં એક તરફી પ્રેમીની બર્બરતાઃ પરિણીતાએ મળવાની ના પાડી તો તેના ચાર વર્ષનાં દીકરાની કરી હત્યા

ભાવનગર,તા.૪

રાજકોટમાંથી એકતરફી પ્રેમનોં આઘાતજનક કિસ્સો સામે આવ્યો છે. જેમાં પરિણીત મહિલાએ મળવાની ના પાડતા એકતરફી પ્રેમીએ બાળકનું અપહરણ કરીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું સામે આવ્યું છે. આ મામલે આરોપીની ધરપકડ થતા આ આખો મામલો સામે આવ્યો છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, બોટાદના સરવા ગામમાં રહેતી પરિણીતા સુમિતા બુધાભાઈ અણીયાળીયા તેના ચાર વર્ષનાં પુત્ર પ્રકાશને લઈને અમરાપુર ગામમાં નણંદની દીકરીના લગ્ન પ્રસંગમાં ગઈ હતી. જ્યાં તેનો પુત્ર અચાનક ગુમ થઈ ગયો હતો. જેથી બાળકના ગુમ થવાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસમાં બાળકનું અપહરણ થયાનું સામે આવ્યું હતુ.

જેથી પોલીસે હરેશ ભોપાભાઈ ગ્રાભડીયા (રહે-વીરવા,તા.જી.-બોટાદ) ને ઝડપી પાડ્યો હતો. જેની કડક પૂછપરછમાં તેણે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જેમા સામે આવ્યું હતુ કે, તેણે બાળકનું અપહરણ કરી બોટાદના સૈઈડા ગામના ડેમમાં ફેંકી દીધાનું કબૂલ્યું હતુ.નોંધનીય છે કે, સુમિતાનાં લગ્ન બુધાભાઈ સાથે આશરે છ વર્ષ પહેલા થયા હતા. તેમને ચાર વર્ષનો પ્રકાશ નામનો દીકરો હતો. સુમિતાને હરેશ ગ્રાભડિયા એકતરફી પ્રેમ કરતો હતો અને તેને હેરાન પણ કરતો હતો. હરેશને ખબર પડી હતી કે તે લગ્ન પ્રસંગે બહાર આવી છે તેથી તેને સુમિતાને મળવા બોલાવી હતી. પરંતુ સુમિતાએ તેને મળવાની ના પાડી દીધી હતી. જેથી હરેશને ખોટું લાગતા તેના ચાર વર્ષનાં બાળકનું અપહરણ કરીને હત્યા નીપજાવી નાંખી હતી.જૂનાગઢમાં પણ હત્યાના કેસમાં ચોંકાવનારા ખુલાસા થયા હતા. જેમાં ગત ૨૮ તારીખના રોજ ઝેરી પીણું પીવાથી બે વ્યક્તિના સ્થળ પર મોત થયા હતા. આ મામલે ખૂબ જ ઊંડાણપૂર્વકની તપાસ કરતાં પોલીસને સફળતા મળી છે. મૃતક રફીક ઘોઘારીની પત્નીએ તેના પ્રેમી આસિફ ચૌહાણ સાથે મળી પતિની હત્યા કરી હોવાનું ખુલ્યું છે. મૃતક રફીક રીક્ષામાં સોડાની બોટલમાં પોટેશિયમ સાઈનાઈટ મેળવ્યું હતું. રીક્ષામાં રહેલા સોડા પીતા રફીક ઘોઘારીનું સ્થળે મોત થયું હતું. આટલું જ નહીં, તે સોડા તેના મિત્ર ભરત ઉર્ફે જોને પણ પીધી હતી. આમ, બન્નેના સ્થળ પર જ મોત થયા હતા.

# 'શહીદોને ન્યાય નહીં ત્યાં સુધી હાર્દિકને વોટ નહીં'ના પોસ્ટરો લાગ્યા

અમદાવાદ,તા.૪

રાજયની વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આવતીકાલે યોજાવાનું છે. બીજા તબક્કાના મતદાનને ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. ત્યારે મતદાનની છેલ્લી ઘડીએ વિરમગામમાં હાર્દિક પટેલ સામે ઉગ્ર વિરોધ થતાં રાજકારણ ગરમાયું છે. પાટીદાર આંદોલનનો મુદ્દો ફરી ઉછળતાં વિરમગામમાં છેલ્લી ઘડીએ થયું એવું કે હાર્દિક પટેલનું વધ્યું ટેન્શન વધી ગયુ છે.

આવતીકાલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાનમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતની ૯૩ બેઠક પર ચૂંટણી યોજાવાની છે. હવે મતદાનને ગણતરીની કલાકો જ બાકી છે ત્યારે હાર્દિક પટેલની વિરુદ્ધમાં વિરમગામમાં ઠેર-ઠેર પોસ્ટરો લગાતા ફરી રાજકારણ ગરમાયુ છે. ભાજપે વિરમગામ વિધાનસભાની બેઠક પરથી હાર્દિક પટેલ ઉમેદવાર જાહેર કર્યો છે ત્યારે આ બેઠક પર મોટા પાયે વિરોધ જોવા મળ્યો છે. બીજા તબક્કાના મતદાન પહેલા વિરમગામમાં ફરી પાટીદાર અનામત આંદોલનનો મુદ્દો ઉછળતા રાજકારણ ગરમાયું છે.

બીજા તબક્કાના મતદાનને ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે વિરમગામમાં હાર્દિક પટેલની વિરુદ્ધમાં ઠેર-ઠેર પોસ્ટરો લગેલા જોવા મળ્યાં. મતદાનની આખરી




ઘડીએ પાટીદાર અનામત આંદોલન સમિતિના નામે ઠેર-ઠેર પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પોસ્ટરોમા લખ્યુ છે 'જે લોહીનો ન થાય તે કોઈનો ન થાય', 'જે હાર્દિક સમાજનો ન થયો એ શું વિરમગામનો થશે ખરો? 'શહીદોને ન્યાય નહીં ત્યાં સુધી હાર્દિકને વોટ નહીં', 'ટિકિટ માટે સમાજનો સોદો કરનારને વોટ નહીં', જેવા લખાણવાળા પોસ્ટરો વિરમગામમાં લગાવવામાં આવ્યા છે. મતદાનના એક દિવસ પહેલા વિરમગામમાં આવા પોસ્ટરો લગાવવામાં આવતા રાજકારણ ગરમાયું છે.

આવતીકાલે રાજયની વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન છે ત્યારે વિરમગામ વિધાનસભાની બેઠક પર ભાજપે પાટીદાર અનામત આંદોનના નેતા હાર્દિક પટેલને ટિકિટ આપી છે, જયારે કોંગ્રેસે લાખાભાઈ ભરવાડને રિપીટ કર્યા છે. અને આમ આદમી પાર્ટીએ અમરીશ ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે. હાર્દિક પટેલનું નામ જાહેર થયા બાદ તે મતદારોને આકર્ષવા માટે તનતોડ મહેનત કરી રહ્યો છે. તેણે તેમના મત વિસ્તારમાં ઠેર-ઠેર સભાઓ ગજવી હતી. આ સાથે હાર્દિક પટેલના ચૂંટણી પ્રચાર કરવા માટે ભાજપના દિગ્ગજો મેદાનમાં ઉતર્યા હતા.

# સંસ્કારી નગરીના બાળકો નશાના રવાડે, અંબે સ્કૂલના વિદ્યાર્થીના બેગમાંથી દારૂની બોટલ મળી

વડોદરા,તા.૪

વડોદરાના સિંધરોટમાં ઝડપાયેલી ડ્રગ્સ ફેક્ટરીનો કિસ્સો હજી તાજો જ છે. ત્યારે સંસ્કારી નગરીના બાળકો નશાના રવાડે ચઢ્યા છે. વડોદરાના સમા સાવલી રોડની અંબે વિદ્યાલયના વિદ્યાર્થીઓની બેગમાંથી દારૂ મળી આવ્યો છે. ધોરણ ૭ના ૪ વિદ્યાર્થીઓ દારૂની બોટલ અને સિગારેટ સાથે પકડાયા હતા. ત્યારે અન્ય વાલીઓએ વિદ્યાર્થીઓ સામે પગલાં ભરવા મેનેમેન્ટને રજૂઆત કરી હતી. રજૂઆતના અંતે સંચાલકે ચાર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા છે. ત્યારે વિદ્યાર્થીઓ દારૂની બોટલ અને સિગારેટ ક્યાંથી લાવ્યા તે તપાસનો વિષય બન્યો છે.


વડોદરાની સમા-સાવલી રોડની અંબે વિદ્યાલયના વિદ્યાર્થીઓની બેગમાંથી દારૂ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ધોરણ ૭ના ૪ વિદ્યાર્થીઓ પાસેથી દારૂની બોટલ અને સિગારેટ મળી આવ્યા હતા. ત્યારે અન્ય વાલીઓએ વિદ્યાર્થીઓ સામે પગલાં ભરવા મેનેજમેન્ટને રજૂઆત કરી હતી. જેના બાદ સંચાલકે ચાર વિદ્યાર્થીઓને શાળામાંથી સસ્પેન્ડ કર્યા છે. જોકે, આ મામલે અન્ય વાલીઓએ અનેક સવાલો કર્યા હતા. વિદ્યાર્થીઓ દારૂની બોટલ અને સિગારેટ ક્યાંથી લાવ્યા તે અંગે તપાસ કરવા જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાની સમા-સાવલી રોડ પર અંબે સ્કૂલમાં વિદ્યાર્થીઓ પાસેથી દારૂ મળવાના મામલે સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓના વાલીઓએ સ્કૂલમાં રજૂઆત કરી હતી. આ વિશે સ્કૂલના વાલી પૂર્વ પટેલે જણાવ્યું કે, ભૂલ કરનાર બાળકોનું કાઉન્સિલિંગ થવું જોઈએ. પોલીસને જાણ કરી દારૂ અને સિગારેટ ક્યાંથી આવી તે તપાસ કરવી જોઈએ.

## વડાપ્રધાન ચુસ્ત સુરક્ષા વચ્ચે તેઓ રાણીપમાં આવેલી નિશાન સ્કૂલમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

અમદાવાદ,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રાણીપમાં મતદાન કરવાના છે તે અગાઉ વડાપ્રધાનના સમગ્ર રૂટ ઉપર પીએમના કોન્વોયનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે ૮ વાગ્યે રાણીપ ખાતે મતદાન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્લીથી મતદાન કરવા માટે અમદાવાદ આવશે.લોકશાહીના મહાપર્વમાં ભાગ લેવા માટે પીએમ મોદી આજે ગુજરાતમાં છે. આવતીકાલે સવારે ૮ કલાકે તેઓ મતદાન કરશે. ચુસ્ત સુરક્ષા વચ્ચે તેઓ રાણીપમાં આવેલી નિશાન સ્કૂલમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે અને બીજા તબક્કામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે લોકોને મતદાન કરવા અપીલ કરશે.



આજે પણ પ્રધાનમંત્રી હીરાબાને મળી આશીર્વાદ લીધા

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત નર્મદા ના તાબા હેઠળ ચાલતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં વર્ષોથી ફરજ બજાવતા ૨૩ જેટલા ડ્રાઈવરોને કાયમી કરવા નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરા નો આદેશ થતાં કામદારોમાં આનંદ ની લાગણી

ગાંધીનગર ,

ગાંધીનગર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત નર્મદા ના તાબા હેઠળ ચાલતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં વર્ષોથી ખાતાકીય કામોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ૨૩ જેટલા કામદારો ની લાંબા સમયની નોકરી હોવા છતાં સરકારશ્રીના નિયત કરેલ કોઈ પણ પરિપત્રોના લાભો આપવામાં આવતા ન હતા અને તેમની પાસે માસના પૂરા દિવસોની કામગીરી લઈ લઘુતમ વેતન ધારા કરતા પણ ખૂબ જ ઓછો પગાર ચૂકવવામાં આવતો જે બાબતે આ તમામ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ એસ ભોઈ ને મળી તેઓને થયેલ અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશને લાગતા વળગતા સરકારી અધિકારીઓને આ કામના ૨૩ ડ્રાઈવરને સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્ર લાભો આપવા બાબતે નોટિસ પાઠવી દિન ૧૫ તેનું સીધો અમલ કરવા જાણકારી કરે પરંતુ તેઓના તરફથી એ નોટિસો કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં સરકાર તરફે નિષ્ફળ જતા આ વિવાદ ફેડરેશન દ્વારા નામદાર ઔદ્યોગિક પંચ વડોદરા સમક્ષ કેસ દાખલ કરે જેનો કેસ નંબર ડિમાન્ડ આઈ.ટી ૧૮૯/૧૯ પડેલા જે કેસની કાનૂની કાર્યવાહી હાથ ધરતા નામદાર ઔદ્યોગ ન્યાયપંચે બંને પક્ષકારોને સરખી તકો આપેલ આ કામે અરજદારો તરફે ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ હાજર રહી નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ અરજદારોનો કેસ પુરવાર કરવા માટે જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ આ બાબતની જાણ સરકારી અધિકારીશ્રીઓને થતા તેઓએ આ ૨૩ જેટલા ડ્રાઈવર ભાઈઓને તેમની નોકરીની શરતોમાં ફેરફાર કરી ગેરકાયદેસર રીતે એજન્સીઓમાં ટ્રાન્સફર કરવાની કાર્યવાહી હાથ ધરતા ફેડરેશન દ્વારા આ કામદારોની નોકરી માંથી ગેરકાયદેસર રીતે સંસ્થા કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવી નહીં તે બાબતે મનાઈ અરજી દાખલ કરે તેમાં નામદાર અદાલતે ફેડરેશનને સાંભળી તાત્કાલિક અસરથી યથાવત પરિસ્થિતિ જાળવી રાખતો મનાઈ આપેલ ત્યારબાદ મૂળ ડિમાન્ડ કેસમાં પ્રમુખ એ એસ ભોઈ એ દલીલો કરતા ન્યાયપંચના માનનીય ન્યાયાધીશ શ્રી જે.એસ પટેલ સાહેબે ફેડરેશનની દલીલો ગ્રાહ્ય રાખી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ૨૩જેટલા ડ્રાઈવર કામદાર ભાઈઓને તેમની નોકરીની દાખલ તારીખથી સમયગાળો સળંગ ગણી પાંચ વર્ષ પૂર્ણ થયી થી તેમને મળવા પાત્ર સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો આપવા માટે ચુકાદો આપતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કામદાર આલમમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

ગુજરાત સ્ટેટ ફેડરેશન કાલોલ જી પંચ

પ્રમુખ અંબાલાલ એસ ભોઈ

## ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપના ઉમેદવાર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ સવારે ૯.૩૦ કલાકે વિદ્યાભારતી અધ્યયન અને પ્રશિક્ષણ કેન્દ્ર, દેના બેક્રની સામે, સેક્ટર-૨૨ ખાતે મતદાન કરશે

ગાંધીનગર ,

ઉત્કૃષ્ટ ગુજરાતના નિર્માણના સારથી બની, ગુજરાતની વધતી સમૃદ્ધિ અને ભવ્યતાના સાક્ષી બની ગુજરાતની અવિરત વિકાસયાત્રામાં સહભાગી થઈ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ વધારે મજબૂત કરવા ભારતીય જનતા પાર્ટીના પક્ષમાં મતદાન કરવા અપીલ કરતાં શ્રીમતી રીટાબેન પટેલ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ સવારે ૯.૩૦ કલાકે વિદ્યા ભારતી અધ્યયન અને પ્રશિક્ષણ કેન્દ્ર, દેના બેક્રની સામે, સેક્ટર ૨૨ ખાતે મતદાન કરશે. શ્રીમતી રીટાબેન પટેલે ઉત્કૃષ્ટ ગુજરાતના નિર્માણના સારથી બની, ગુજરાતની વધતી સમૃદ્ધિ અને ભવ્યતાના સાક્ષી બની ગુજરાતની અવિરત વિકાસયાત્રામાં સહભાગી થઈ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ વધારે મજબૂત કરવા ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત ક્ષેત્રના સૌ નાગરિકોને ભારતીય જનતા પાર્ટીના પક્ષમાં મતદાન કરવા માટે અપીલ કરી હતી.

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨

# દિવ્યાંગો સરળતાથી મતદાન કરી શકે તે માટે અમદાવાદ સમાજ સુરક્ષા કચેરી ખાતે શરૂ કરાયો કંટ્રોલરૂમ

**૦૭૯-૨૫૫૦૮૭૧૨ નંબર પર મતદાનના દિવસે કોઈપણ દિવ્યાંગ સંપર્ક કરી મેળવી શકશે મદદ**

લોકશાહીના મહાપર્વ સમાન વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાના દિવ્યાંગ મતદાતાઓ વધુમાં વધુ જોડાય તે માટે અમદાવાદ જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધવલ પટેલ દ્વારા સમાજ સુરક્ષા વિભાગને દિવ્યાંગો માટે સમર્પિત હેલ્પલાઇન નંબર શરૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા હેલ્પલાઇન નંબર જાહેર કરવામાં આવ્યો છે.

૦૭૯-૨૫૫૦૮૭૧૨ નંબર પર મતદાનના દિવસે કોઈપણ દિવ્યાંગ વ્યક્તિ સંપર્ક કરી જરૂરી મદદ મેળવી શકશે. જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા સવારે ૮:૦૦ વાગ્યાથી મતદાન પૂર્ણ ન થાય ત્યાં સુધી દિવ્યાંગોના કોલ રીસીવ કરી તેમને જરૂરી મદદ પુરી પાડવાની વ્યવસ્થા કરવા માટે બે ઓપરેટરને ફરજ સોંપવામાં આવી છે. મતદાનના દિવસે દિવ્યાંગોને કોઈપણ પ્રકારની અસુવિધા ન સર્જાય અને તેમને જરૂરી મદદ પુરી પાડી લોકશાહીના ઉત્સવમાં ભાગીદાર બનવા માટે પ્રેરિત કરતો આ પ્રશંસનીય પ્રયાસ છે.

૭મી ડિસેમ્બરે 'સશસ્ત્ર સેના ઝંડા દિવસ'

# રાજ્યના નાગરિકોને સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો તેમજ તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે ઉદાર હાથે ફાળો આપવાનો અવસર

સમગ્ર દેશમાં પ્રતિવર્ષ તા.૭મી ડિસેમ્બરના રોજ 'સશસ્ત્ર સેના ઝંડા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

આ દિવસે સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો તેમજ તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે ફાળો એકત્ર કરવામાં આવે છે. આ ઉજવણી અનુસંધાને રાજયના તમામ નાગરિકોને ઉદાર હાથે ફાળો આપવા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના નિયામકશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે.

'સશસ્ત્ર સેના ઝંડા દિવસ'એ રાષ્ટ્રની સુરક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર આપણા શૂરવીર સૈનિકો, દિવંગગત સૈનિકોના પરિવારજનો તથા પૂર્વ સૈનિકો પ્રતિ આદર, સન્માન અને આત્મીયતાની અભિવ્યક્તિ કરવાનો દિવસ છે.સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો તેમજ તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે ફાળો આપવા નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ગૌરવ સેનાની ભવન, શાહીબાગ એરપોર્ટ રોડ, શાહીબાગ, અમદાવાદ (૩૮૦૦૦૩) ટેલિફોન નંબર - ૦૭૯- ૨૨૮૬૮૩૪૯-૫૦ નો સંપર્ક કરી ઉદારતાથી સહયોગ આપી પોતાનું અમૂલ્ય અનુદાન મોકલવા તેમની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# અફઘાનિસ્તાનમાં પાક દૂતાવાસ પર હુમલાનો પાકિસ્તાનનો વિરોધ, કડક પગલા લેવાની અફઘાન સરકારે ખાતરી આપી



કાબુલ,તા.૪

અફઘાનિસ્તાનના કાબુલમાં પાકિસ્તાનના દૂતાવાસ પર થયેલા હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ ગ્રુપએ સ્વીકારી છે. આ આતંકવાદી જૂથે દાવો કર્યો છે કે પાકિસ્તાનના દૂતાવાસમાં થયેલા હુમલામાં તેમના સંગઠનનો હાથ છે. શુક્રવારે કેટલાક હથિયારધારીઓએ દૂતાવાસમાં પાકિસ્તાનના રાજદૂત ઉબેદ-ઉર-રહેમાન નિજમાનીને નિશાન બનાવ્યા હતા. જોકે, આ હુમલામાં તેમનો બચાવ થયો હતો. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.જયારે નિજમાની પાકિસ્તાની દૂતાવાસ પરિસરમાં હતા, ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. આ ફાયરિંગની ઘટનામાં નિજમાનીનો એક સુરક્ષાકર્મી ગંભીર રીતે ઘાયલ થયો હતો. જોકે નિજમાનીને કોઈ નુકસાન થયું ન હતું. પાકિસ્તાની રાજદૂત પર હુમલાને લઈને પાકિસ્તાને અફઘાનિસ્તાનના પ્રભારી રાજદૂતને બોલાવીને આ ઘટના પર ચિંતા જતાવી હતી.

આ હુમલાની નિંદા કરતા પાકિસ્તાને આ ઘટનાની સંપૂર્ણ તપાસની માંગ કરી છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે અફઘાન રાજદ્વારીને શુક્રવારે સમન્સ પાઠવવામાં આવ્યા છે. અને, આ ઘટના અંગે પાકિસ્તાનની ચિંતા રજુ કરવામાં આવી છે. પાકિસ્તાને કહ્યું કે, “પાકિસ્તાનના રાજદ્વારી મિશન અને કર્મચારીઓની સુરક્ષા વચગાળાની અફઘાનિસ્તાન સરકારની જવાબદારી છે. અને આ ઘટના અફઘાન સરકારની સુરક્ષા બાબતે ગંભીર ભૂલ છે.”

એક માહિતી અનુસાર, પાકિસ્તાને માંગણી કરી છે કે આ હુમલાના ગુનેગારોને તાત્કાલિક પકડી લેવામાં આવે. પાકિસ્તાન દુતાવાસના પરિસરમાં સુરક્ષામાં રહેલી ખામીઓ બાબતે તપાસ કરવામાં આવે. અને કાબુલમાં રહી કામ કરતા પાકિસ્તાની અધિકારીઓ અને કર્મચારીઓની સલામતી માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવે. તો આ મામલે પ્રભારી અફઘાન રાજદૂતે કહ્યું કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સામાન્ય દુશ્મનોએ આ હુમલો કર્યો છે. અને અફઘાનિસ્તાન સરકાર દ્વારા હુમલાની નિંદા કરે છે. તેમણે પાકિસ્તાનને એમ પણ કહ્યું કે પાકિસ્તાની રાજદ્વારી મિશનની સુરક્ષા પહેલાથી જ વધારી દેવાઇ છે. અને અફઘાનિસ્તાન દ્વારા ન્યાય અપાવવામાં કોઈ કસર છોડવામાં નહીં આવે.પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીને અફઘાનિસ્તાન સરકારના કાર્યવાહક વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીનો ફોન આવ્યો હતો. મુત્તાકીએ નિજમાની પરના હુમલાની સખત નિંદા કરી હતી. આતંકવાદનો સામનો કરવા માટે અફઘાનિસ્તાનના સંકલ્પને પુનરોચ્ચાર કરતા, તેમણે બિલાવલને ખાતરી આપી હતી કે અફઘાન સરકાર હુમલાના ગુનેગારોને ન્યાયના ઠેકાણે લાવશે.

# કોરોના વાઈરસ વુહાન લેબમાંથી જ લીક થયાનો અમેરિકી વિજ્ઞાનીનો દાવો

વોશિંગ્ટન,તા.૪

ચીનની વુહાન લેબ સાથે કામ કરનારા કર્મચારીના દાવા અનુસાર કોરોના વાઈરસ જેનેટિકલી એન્જિનીયર્ડ હતો અને તે વુહાન લેબમાંથી લીક થયો હતો. ઈકોહેલ્થ અલાયન્સના ભૂતપૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ ડો. એન્ડ્ર્યુ હફે તેમના પુસ્તક ધ ટૂથ અબાઉટ વુહાનમાં દાવો કર્યો છે કે કોરોના મહામારી જેનેટિકલ એન્જિનિયરિંગનું ખતરનાક પરિણામ હતું.

ડો. હફે જણાવ્યું હતું કે નાઈન ઈલેવનના આતંકી હુમલા બાદની આ સૌથી મોટી વિભિષિકા કોરોના મહામારીમાં અમેરિકાની જાસૂસી સંસ્થાઓની નિષ્ફળતા બાબતે ઘણી બધી બાબતોની તેમને ખબર છે.

કોરોના મહામારીની શરૂઆતથી જ અમેરિકા કોરોના વાઈરસ લીક થવા માટે ચીનને જવાબદાર ગણાવતું રહ્યું છે પણ ચીને પહેલેથી આ આક્ષેપોને નકારી કાઢતું રહ્યું છે.

ડો. હફે તેમના પુસ્તકમાં જણાવ્યું છે કે આ લેબને અમેરિકન સરકાર તરફથી મોટા પ્રમાણમાં ભંડોળ મળ્યું હતું. ઈકોહેલ્થ અલાયન્સ અને વિદેશી લેબ પાસે યોગ્ય જૈવિક સુરક્ષા અને રિસ્ક મેનેજમેન્ટ માટે પૂરતાં સ્રોતો નહોતાં. જેને પરિણામે વુહાન ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીની લેબમાંથી આ ખતરનાક વાઈરસ લીક થયો હતો. ડો હફે ૨૦૧૪થી ૨૦૧૬ સુધી ઈકોહેલ્થ અલાયન્સમાં કામ કર્યું હતું. ૨૦૧૫માં તેમને આ કંપનીના પ્રેસિડેન્ટ બનાવવામાં આવ્યા હતા. તેઓ અમેરિકન સરકારના વિજ્ઞાની તરીકે આ રિસર્ચ પ્રોગ્રામ પર ગુપ્ત રીતે કામ કરતાં હતા. તેમણે જણાવ્યું હતું કે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ દ્વારા મળેલા ભંડોળ દ્વારા ઈકોહેલ્થ અલાયન્સે દસ વર્ષથી વધારે સમય સુધી ચામાચિડિયામાં મળી આવતાં વિવિધ પ્રકારના વાઈરસોનો અભ્યાસ કર્યો હતો. આ કામ કરતી વખતે તેમના વુહાન લેબ સાથે સબંધો ઘનિષ્ટ બન્યા હતા.

ડો. હફે દાવો કર્યો હતો કે ચીનને પહેલેથી જ ખબર હતી કે કોરોના વાઈરસ જેનેટિકલી એન્જિનિયર્ડ છે.

ચીનને આ ખતરનાક બાયા ટેકનોલો જી ટ્રાન્સફર કરવા માટે અમેરિકન સરકાર પણ દોષી છે. ડો. હફે ધ સનને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે મેં જે જોયું તેનાથી હું ડરી ગયો હતો. અમે તેમને બાયોલોજિકલ વેપનની ટેકનિક સોંપી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે થોડા લાલચુ વિજ્ઞાનીઓને કારણે દુનિયાભરમાં લાખો લોકોને જીવ ગુમાવ્યા પડયા. ચીનની સરકારે સાર્સ કોવ-૨ના વિનાશ બાબતે ખોટી વાતો કરી હતી તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

# મહાન ફૂટબોલર પેલેની તબિયત હાલ ખુબ જ નાજુક છે



કતાર,તા.૪

કતાર દ્વારા આયોજિત ફિફા વર્લ્ડ કપ-૨૦૨૨ની વચ્ચે, ફૂટબોલ ચાહકો માટે એક નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. કેન્સર સામે લડી રહેલા બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલે હોસ્પિટલમાં દાખલ છે. તેમની તબિયતમાં કોઈ સુધારો નથી. આટલું જ નહીં, તેમને હોસ્પિટલના 'End of Life Care'માં ખસેડવામાં આવ્યાં છે. તેઓ લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યા છે અને હવે તેમના શરીરના ઘણા ભાગોએ કામ કરવાનું બંધ કરી દીધું છે.

પેલેની તબિયત લથડી છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કીમોથેરાપી હવે તેના પર અસર કરી રહી નથી. ૮૨ વર્ષીય પેલેને હૉસ્પિટલના જીવન સંભાળના અંતમાં ખસેડવામાં આવ્યા છે. પેલેના શરીરના ઘણા ભાગોએ કામ કરવાનું બંધ કરી દીધું છે. ફ્રેન્ચ લિજેન્ડ કિલિયન એમ્બાપ્પે સહિત ફૂટબોલ જગતની ઘણી હસ્તીઓએ પણ પેલેના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી છે.

પેલેને ‘ટ્યુમર‘ની સારવાર માટે સાઓ પાઉલોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની પુત્રી કેલી નાસિમેન્ટોએ બુધવારે માહિતી આપી હતી કે તેમના પિતાના સ્વાસ્થ્યને લઈને માહિતી આપી હતી. યુએસમાં રહેતા નાસિમેન્ટોએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું કે પેલેને રૂટીન ચેકઅપ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પેલેને ૩૦ નવેમ્બરે જ આલ્બર્ટ આઈન્સ્ટાઈન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ હવે તેમની હાલત નાજુક છે.

‘જીવનનો અંત‘ સંભાળ સેન્ટર એટલેકે ‘End of Life Care' એ હોસ્પિટલના ઈમરજન્સી યુનિટનો એક ભાગ છે. જોકે, આ સુવિધા અમુક જ હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે. જ્યારે વ્યક્તિનો છેલ્લો સમય નજીક હોય ત્યારે તેની ખાસ કાળજી લેવામાં આવે છે. આ દરમિયાન તે વ્યક્તિની શારીરિક, માનસિક અને ભાવનાત્મક જરૂરિયાતોનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. વ્યક્તિને કલાકો, દિવસો કે મહિનાઓ સુધી આ પ્રકારની સપોર્ટ સિસ્ટમ પર રાખી શકાય છે.

વર્ષ ૨૦૨૧માં પેલેના પરિવાર દ્વારા કોલોન ટ્યુમર વિશે માહિતી આપવામાં આવી હતી. બાદમાં હોસ્પિટલ દ્વારા પણ તેની પુષ્ટિ કરવામાં આવી હતી. બ્રાઝિલના મંત્રી પેલેએ ૧૯૫૮, ૧૯૬૨ અને ૧૯૭૦માં પોતાના દેશને ફિફા વર્લ્ડ કપ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે બ્રાઝિલ માટે ૯૨ મેચમાં ૭૭ ગોલ કર્યા છે, જે તેમના દેશ માટે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે.

# પાકિસ્તાનની સશસ્ત્ર દળો તેમની જમીનના એક-એક ઈંચની રક્ષા કરશે : પાક.જનરલ

## જો તેમના પર હુમલો કરવામાં આવે તો તેઓ ભારત સાથે યુદ્ધ માટે તૈયાર છે.



ઈસ્લામાબાદ,તા.૪

પાકિસ્તાન હજુ તો પોતાની સમસ્યાઓનું સમાધાન કરવાની સ્થિતિમાં નથી અને ભારત વિરુદ્ધ યુદ્ધ માટેની વાતો કરે છે. પાકિસ્તાનના નવા આર્મી ચીફ તરીકે ગાદી સંભાળતાની સાથે જ જનરલ મુનીરે કહ્યું કે, પાકિસ્તાન ભારત સાથે યુદ્ધ માટે તૈયાર છે. આ નિવેદનને કારણે હાલ દુનિયાભરમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. પાકિસ્તાનના નવા નિયુક્ત આર્મી ચીફ પણ જૂના જનરલના પગલે ચાલ્યા અને પોતાનું અસલી રૂપ બતાવતા ભારતને ધમકી આપવાનું પસંદ કર્યું. તેમના પ્રથમ એલઓસી પ્રવાસ પર, જનરલ અસીમ મુનીરે કહ્યું કે, જો તેમના પર હુમલો કરવામાં આવે તો તેઓ ભારત સાથે યુદ્ધ માટે તૈયાર છે. મુનીરે કહ્યું, તાજેતરમાં ગિલગિટ બાલ્ટિસ્તાન અને જમ્મુ-કાશ્મીર પર ભારતીય નેતૃત્વ તરફથી બેજવાબદાર નિવેદનો આવ્યા છે.

જનરલ મુનીરે ધમકી આપી હતી કે પાકિસ્તાનની સશસ્ત્ર દળો તેમની જમીનના એક-એક ઈંચની રક્ષા કરશે. જો અમારા પર યુદ્ધ લાદવામાં આવે તો અમે લડવા તૈયાર છીએ. મુનીરે એલઓસી પર પાકિસ્તાની સેનાની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી. જનરલ મુનીર ૨૪ નવેમ્બરે જનરલ કમર જાવેદ બાજવાનું સ્થાન લીધું છે, જેઓ ત્રણ વર્ષની સેવા બાદ નિવૃત્ત થયા છે. સરહદી વિસ્તારોની મુલાકાત દરમિયાન, આર્મી ચીફ જનરલ મુનીરે સેના પાસેથી એલઓસીની નવીનતમ સ્થિતિ વિશે પૂછપરછ કરી. આ દરમિયાન, તેમણે અધિકારીઓ અને સૈનિકો સાથે વાતચીત કરી, ઉચ્ચ મનોબળ, વ્યાવસાયિક યોગ્યતા અને સેનાની લડાયક તૈયારીની પ્રશંસા કરી. સેનાને સતર્ક રહેવાની પણ સૂચના આપવામાં આવી છે.તેમણે જમ્મુ-કાશ્મીર અને ગિલગિટ-બાલ્ટિસ્તાન અંગે ભારતીય અધિકારીઓના તાજેતરના કેટલાક નિવેદનો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે જો ભારત કોઈપણ પ્રકારની ભૂલ કરે છે તો પાકિસ્તાન જડબાતોડ જવાબ આપવા તૈયાર છે. તેમણે કહ્યું કે ભારતને તેના ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. આ પહેલા, નિયંત્રણ રેખા પર પહોંચવા પર, આર્મી ચીફનું કોર્પ્સ કમાન્ડર રાવલપિંડી, લેફ્ટનન્ટ જનરલ શાહિદ ઈમ્તિયાઝે સ્વાગત કર્યું. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો કાશ્મીર મુદ્દે અને પાકિસ્તાન તરફથી થતા સીમાપાર આતંકવાદને લઈને તણાવપૂર્ણ છે. ભારતે પાકિસ્તાનને કહ્યું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ દેશનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો હતો અને રહેશે.

# આઝમ ખાને કહ્યું, યોગીજી મારા આખા પરિવારને વિધાનસભાની સામે ગોળી મારી દો

લખનૌ,તા.૪

રાષ્ટ્રીય લોકદળના રાષ્ટ્રીય અધ્યક્ષ જયંત ચૌધરી સપા ઉમેદવાર આસીમ રાજાના સમર્થનમાં રામપુર પહોંચ્યા હતા. આ દરમિયાન જનસભાને સંબોધિત કરતી વખતે અધ્યક્ષ જયંત ચૌધરીએ જનતાને સપાના ઉમેદવાર આસીમ રાજાને મત આપવા અપીલ કરી હતી. આ દરમિયાન આઝમ ખાને પોતાના જોરદાર અંદાજમાં ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે યોગીજી મને, મારા પુત્ર અને મારી પત્નીને વિધાનસભાની સામે ગોળી મારી દો. હું મારી હત્યાને માફ કરું છું. સાથે જ જયંત ચૌધરીએ કહ્યું કે, યોગી આદિત્યનાથ હંમેશાં ગુસ્સામાં રહે છે અને કેટલાક લોકો તેમને છોટા મોગેમ્બો (ઝસ યોગી છોટા મોગેમ્બો) પણ કહે છે. રાજય સંભાળાતું નથી અને જુઠ્ઠું બોલી-બોલીને અહીં પહોંચ્યા છે.

સપા નેતા આઝમ ખાને ભાષણ દરમિયાન કહ્યું કે, જ્યારે મેં મારા જીવનની રાજકીય સફર શરૂ કરી હતી. તો મારો પ્રથમ સંબંધ અને પ્રથમ રાજકીય જોડાણ જયંત ચૌધરીના દાદા ચૌધરી ચરણસિંહ સાથે થયું હતું. તેમના દ્વારા આપવામાં આવેલી ટિકિટ પર મેં પહેલી ચુંટણી જીતી હતી. તેમણે કહ્યું કે, આ મંચ પર મારા અને મારા બાળકો સિવાય કોઈ ગુનેગાર નથી. હું અને મારા બાળકો સૌથી મોટા ગુનેગાર છીએ. જેનું મૂળ છે તે અમે સાબિત કરી ન શક્યા.

આઝમ ખાને કહ્યું કે, એવું થશે ભારતમાં લોકો ખાખી વર્દીના પડછાયાના ડરમાં અપમાનિત જીવન જીવશે. તમે તેમનો જીવન જીવવાનો અધિકાર છીનવી લીધો છે. જો કોઈ તેમની બોલે છે, તો ત્યાં કેસ થઈ જાય છે. અભદ્ર ટિપ્પણી માટે એક મહિલાએ આઝમ ખાન વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો, જેના પર તેમણે કહ્યું હતું કે, ઓ મારી બહેન, હું તમારા માટે લડ્યો હતો, તમે મારી જ વિરુદ્ધ કેસ દાખલ કરી દીધો.

આઝમ ખાને વધુમાં કહ્યું કે હું, મારી પત્ની અને મારા બાળકો બધા જ દોષિત છીએ. જાઓ બધાને વિધાનસભાની સામે ઊભા કરીને ગોળી મારી દો, જાઓ હું તને મારી હત્યા માટે માફ કરું છું. આજે જે લોકોને સ્ટેજ આપવામાં આવી રહ્યું છે તેમને કાલે સ્ટેજ આપવામાં આવશે નહીં.

અબ્દુલ કાર્પેટ નહીં ફેલાવે, પોતુ કરશે અને ૮મી તારીખ પછી તેને તે વિસ્તારમાંથી બહાર કાઢી મૂકવામાં આવશે. તો, રાષ્ટ્રીય લોકદળના રાષ્ટ્રીય અધ્યક્ષ જયંત ચૌધરીએ કહ્યું કે, લખીમપુરનો જે મુખ્ય સાક્ષી છે, તેમના માટે સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્ય સરકાર સુરક્ષા આપે, હમણાં જ મારી ૫ દિવસ પહેલા તેમની સાથે વાત થઈ છે, પછી મને ખબર પડી કે સાક્ષીઓની સુરક્ષા હટાવી દેવામાં આવી છે. કહ્યું શરમ આવે છે આવી સરકાર પર, આવી સિસ્ટમ જે સુપ્રીમ કોર્ટને સ્વીકારવા તૈયાર નથી. ૫મી તારીખ પછી ખેડૂતોની સાથે થતા અન્યાય માટે અમે લડીશું. હાથરસની ઘટના પર જયંત ચૌધરીએ કહ્યું કે, તે પરિવારે જે કહ્યું કે જિલ્લા મેજિસ્ટ્રેટ અને મુખ્યમંત્રી દ્વારા જે જાહેરાત કરવામાં આવી હતી તે હજુ સુધી પૂર્ણ થઈ નથી.

# મહિલાઓને ‘હિજાબ’થી મળશે છૂટકારો ! ‘લોકોના આક્રોશ’થી ડરી ગઈ ઈરાન સરકાર

ઈરાન,તા.૪

હિજાબ પહેરવાના મુદ્દે ઈરાનમાં ફાટી નીકળેલા હિંસક વિરોધ પ્રદર્શન આખરે સફળ થઈ રહ્યાં હોય તેમ જણાય છે. લોક આક્રોશનો સામનો કરી રહેલી ઈરાની સરકારે, મહિલાઓ માટેના કડક હિજાબ કાયદા પર પુનઃવિચાર કરવાનો નિર્ણય કર્યો છે. હિજાબ ના પહેરવા બદલ અટકાયત કરાયેલ ૨૨ વર્ષની યુવતી મહસા અમીનીનું મૃત્યું ગત ૧૩ અને૧૪ સપ્ટેમ્બરના રોજ થયું હતું. ઈરાન પોલીસે અમીનીની અટકાયત એટલા માટે કરી હતી કે તેણે હિજાબ પહેર્યો નહોતો કે માથું પણ ઢાંક્યું ન હતું. ઈરાનમાં મહિલાઓ માટે હિજાબ પહેરવો કે માથુ ઢાંકવું ફરજિયાત છે. હિજાબ મુદ્દે અટકાયેત કરાયેલ મહસા અમીનીનું પોલીસ કસ્ટડીમાં થયેલ મૃત્યુ, ઈરાનમાં ઉગ્ર વિરોધનું કારણ બન્યું હતું. સેંકડો મહિલાઓ અને પુરૂષો જાહેર રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ કાયદાને દેશમાંથી હટાવવાની માંગ કરવા લાગ્યા. હવે એમ કહેવું ખોટું નહીં હોય કે લોક પ્રદર્શનો અને તેના કારણે વિશ્વમાં ઈરાન સરકાર સામે ફેલાયેલા રોષને લઈને ઈરાન સરકારને હચમચાવી દીધી છે.

ઈરાનની સંસદ અને ન્યાયતંત્ર હવે હિજાબને લગતા કડક કાયદાની સમીક્ષા કરી રહી છે. આ જાણકારી ઈરાનના એટર્ની જનરલ મોહમ્મદ જાફર મોંતાજેરીએ તાજેતરમાં આપી છે. જો કે હિજાબને લગતા કડક કાયદામાં કેવા પ્રકારનું પરિવર્તન થઈ શકે છે તે તેમણે જણાવ્યું નથી. એટર્ની જનરલે કહ્યું કે કાયદામાં સમીક્ષા કરનાર ટીમ બુધવારે સંસદના સાંસ્કૃતિક આયોગને મળી હતી અને જરૂરી ચર્ચા વિચારણા અને પુછપરછ કરી હતી. જેના ફળ સ્વરૂપે આગામી એક-બે અઠવાડિયામાં નિર્ણય આવી શકે છે.ઈરાનમાં ૧૯૭૯ સર્જાયેલ ક્રાંતિના ચાર વર્ષ પછી એટલે કે ૧૯૮૩ (એપ્રિલ)માં, ઈરાનમાં તમામ મહિલાઓ માટે હિજાબ એટલે કે સ્કાર્ફ પહેરવો ફરજીયાત કરવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૨માં મહસા અમીનીના મૃત્યુ પછી, આ હિજાબ પ્રથા સામે પ્રજામાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. હિજાબ પ્રથા સામે લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ કરી રહેલી મહિલાઓએ માથું ઢાંકવાનું છોડી દીધું હતું. આ કાયદાના વિરોધમાં ઘણી મહિલાઓએ, હિજાબ વિનાના માથા ઉપરથી પોતાના વાળ કાપી નાખ્યા અને હિજાબની હોળી પ્રગટાવી હતી.

મહસા અમીનીના મૃત્યુને લઈને વિરોધ કરનારાઓમાં એટલો બધો ગુસ્સો હતો કે તેઓ સરકાર સામે રોડ ઉપર ઉતરી આવ્યા હતા અન હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. જાહેરમાં સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. મુસ્લિમ મૌલવીઓના માથા પરથી પાઘડી પણ ઉતારી ફેકાવી હતી. વિરોધ પ્રદર્શનનમાં ભાગ લેનાર મહિલાઓ હિજાબ કાયદાનો સરેઆમ ભંગ કરી રહી હતી.

# અજય દેવગણે વરુણ-આયુષ્માનને ધૂળ ચટાડી, ’દશ્યમ ૨’ની શાનદાર કમાણી



મુંબઈ,તા.૪

અજય દેવગનની ‘દશ્યમ ૨‘ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. રિલીઝના ૧૬ દિવસ બાદ પણ ફિલ્મ જબરદસ્ત કમાણી કરી રહી છે. આલમ એ છે કે તેની સામે રિલીઝ થયેલી વરુણ ધવનની ‘ભેડિયા‘ અને આયુષ્માન ખુરાનાની ‘એન એક્શન હીરો‘ ટિકિટબારી પર દર્શકો માટે સંઘર્ષ કરી રહી છે. છેલ્લા બે અઠવાડિયાથી માત્ર ‘દશ્યમ ૨‘ પૂરજોશમાં ચાલે છે. ઘરેલુ બોક્સ ઓફિસની સાથે સાથે આ ફિલ્મ વિશ્વભરમાં કમાણી કરી રહી છે. ૧૮ નવેમ્બર ૨૦૨૨ના રોજ રિલીઝ થયેલા ‘દશ્યમ ૨‘ના કલેક્શનમાં ત્રીજા શનિવારે એટલે કે ૧૬માં દિવસે ફરી એકવાર ઉછાળો આવ્યો છે. ઘરેલુ બોક્સ ઓફિસ પર જયાં ફિલ્મ ૨૦૦ કરોડની કમાણી કરવાની નજીક પહોંચી રહી છે ત્યાં તેણે વિશ્વભરમાં ૨૫૦ કરોડથી વધુનું કલેક્શન કર્યું છે. શનિવારે ફિલ્મે માત્ર હિન્દીમાં ૨૩.૫૮% ઓક્યુપેન્સી નોંધાવી છે.

‘દશ્યમ ૨‘ એ શરૂઆતના દિવસે ૧૫.૩૮ કરોડ સાથે ખાતું ખોલાવ્યું હતું ત્યારબાદ પાછળ ફરીને જોયું નથી. આ ફિલ્મે પહેલા અઠવાડિયામાં જ ૧૦૦ કરોડથી વધુનો બિઝનેસ કર્યો હતો. તો બીજા સપ્તાહમાં આ આંકડો ૫૮ કરોડને પાર પહોંચી ગયો. ૧૬ દિવસમાં તેણે દેશમાં ૮ કરોડની નેટ કમાણી કરી છે. આ સાથે ફિલ્મનો કુલ બિઝનેસ ૧૬૭.૯૩ કરોડ પર પહોંચી ગયો છે. વર્લ્ડ વાઈડ કમાણી વિશે વાત કરીએ તો ‘દશ્યમ ૨‘ ‘એ વિશ્વભરમાં ૨૫૫.૧૧ કરોડનું કલેક્શન કર્યું છે. જેમાંથી ૪૨.૧૫ કરોડનો બિઝનેસ વિદેશી માર્કેટમાંથી સામેલ છે.

બીજી તરફ વરુણ ધવનની ફિલ્મ ‘ભેડિયા‘ની હાલત સિનેમાઘરોમાં ખૂબ જ ખરાબ ચાલી રહી છે. આ ફિલ્મે તેની રિલીઝના ૯મા દિવસે ૩.૨૫ કરોડનું કલેક્શન કર્યું હતું અને તેની કુલ કમાણી ૪૭.૩૭ કરોડ થઈ હતી. એટલે કે રિલીઝના ૯ દિવસ બાદ પણ ફિલ્મ ૫૦ કરોડનો આંકડો પાર કરી શકી નથી. બીજી તરફ, આ અઠવાડિયે રિલીઝ થયેલી આયુષ્માન ખુરાનાની ‘એન એક્શન હીરો‘ તેની રિલીઝના બીજા દિવસે એટલે કે શનિવારે માત્ર ૧.૭૦ કરોડનો જ બિઝનેસ કરી શકી છે.

# બોલીવુડના ખાનનો ધડાકો : કરણ જોહર સુસાઈડ કરવાનો હતો, અંબાણીએ ૩૦૦ કરોડની લોન આપી

મુંબઈ,તા.૪

અભિનેતા અને વિવેચક કેઆરકે તેની ટ્વીટ્સને કારણે ચર્ચામાં રહેતો હોય છે. તે ઘણીવાર બોલિવૂડ ફિલ્મોની નિષ્ફળતા પર ટીકા કરતો દેખાઈ છે. આવી સ્થિતિમાં નેપોટીઝમ વિરુદ્ધ અભિયાન શરૂ કરનાર કેઆરકેએ આ વખતે કરણ જોહર પર ગંભીર ટિપ્પણી કરી છે. તેને કરણ જોહરની આત્મહત્યાની માહિતી આપતી ટ્વીટ્ કરી હતી.કેઆરકેએ હાલમાં જ એક ટ્વીટમાં જણાવ્યું હતું કે સૂત્રોના જણાવ્યા અનુસાર થોડા સમય પહેલા કરણ જોહરે તેના ઘરમાં સુસાઈડ ડ્રામા કર્યો હતો. આ બધું ‘બ્રહ્માસ્ત્ર‘ના કારણે થયેલા નુકસાનનું પરિણામ હતું. આવી સ્થિતિમાં મુકેશ અંબાણીએ તેમને ૩૦૦ કરોડની લોન આપી હતી.

કેઆરકેએ કરણ જોહરને પૂછ્યું છે કે તે આખી દુનિયાને કેમ નથી કહેતો કે ‘બ્રહ્માસ્ત્ર‘ના કારણે તે નાદાર થઈ ગયો છે.





# અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૫ હજાર ૫૯૯ બુથ પર મતદાન થશે



અમદાવાદ,તા.૪

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં બીજા તબક્કા માટે ૫મી ડિસેમ્બરે મતદાન યોજાવાનુ છે. અમદાવાદ જિલ્લાની ૨૧ વિધાનસભા બેઠકો પર વહીવટી તંત્ર સજ્જ છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૫ હજાર ૫૯૯ બુથ પર મતદાન થશે. દરેક વિધાનસભામાં ૭ સખી બુથ હશે જે સંપૂર્ણ મહિલા સંચાલિત હશે.અમદાવાદમાં ૧૧ જગ્યાએ તંબુ ઉભા કરીને મતદાન મથક ઉભા કરવામાં આવ્યા છે. પોલિંગ સ્ટાફની ટ્રેનિંગ પૂર્ણ કરવામાં આવી છે. તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.આવતીકાલે ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન થવાનું છે. ત્યારે તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. આજે ઈફસ, ફફઁછ્ મશીન સહિતની અન્ય મતદાન સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. તમામ મતદાન કેન્દ્રો પર મતદાનની સામગ્રી પહોંચાડવાની કામગીરી કરવામાં આવી. કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટેની પૂરતી તકેદારી રાખવામાં આવી છે. આવતીકાલે વ્યવસ્થિત રીતે મતદાન પૂર્ણ થયા બાદ પોતાની સામગ્રી જમા કરાવવાની રહેશે.અમદાવાદમાં ઈવીએમ સહિત બુથ પરની સામગ્રી લઈને કર્મચારીઓ જે તે બુથ પર જવા નીકળી રહ્યા છે. દરેક બુથ પરના ઈવીએમ સાથે રિઝર્વ ઈવીએમ પણ છે. મતદાન પૂર્ણ થયા બાદ જે ઈવીએમમાં મત પડ્યા હશે, તે ઈવીએમને સુરક્ષાકર્મીઓ સાથે રાખી મતગણતરી સેન્ટર પર લઈ જવામાં આવશે. જ્યારે મત ન પડ્યા હોય તેવા રિઝર્વ ઈફસ્ને વેરહાઉસમાં લઈ જવાશે. ઈફસ્ને પણ ચાર કેટેગરીમાં વહેંચવામાં આવશે. એ કેટેગરીમાં નોર્મલ વોટિંગ, બી કેટેગરીમાં રિપ્લેસમેન્ટમાં વોટ થયા તેવા, સી કેટેગરીમાં મોકપોલ અને ડી કેટેગરીમાં વપરાયા નથી તેવા ઈવીએમનો સમાવેશ કરાયો છે. કુલ ૫ હજાર ૫૯૯ મતદાન મથકોમાંથી ૨ હજાર ૮૦૦ મથકો પર સીટીવીથી મોનિટરિંગ થશે. મતદાન માટે કુલ ૯ હજાર ૧૫૪ સીયુ મશીન, ૯ હજાર ૧૫૪ બીયુ મશીન અને ૯ હજાર ૪૨૫ વીવીપીએટી મશીન વહેંચવામાં આવ્યા છે.

# ડાયમંડ ગ્રુપમાં દરોડા યથાવત્ , મળી આવી ૭ કરોડથી વધુની રકમ અને જવેલરી!

સુરત,તા.૪

સુરતમાં હીરા વિભાગની કેટલીક કંપનીઓમાં ઇક્રમ ટેક્સ વિભાગે રેડ કરતા ચકચાર મચી ગઇ હતી જેમાં સુરતમાં આવેલા મહિધરપુરા હીરા બજારમાં આવેલી ધાનેરા ડાયમન્ડ કંપનીમાં અલગ અલગ જગ્યાએ રેડ કરવામાં આવી હતી. બે દિવસથી સતત હીરાની પેઢીઓ ઉપરના દરોડા યથાવત્ રાખવામાં આવ્યા છે જેમાં ૭ કરોડથી વધુની રકમની રોકડ અને જવેલરી મળી આવી હતી.ચૂંટણી બાદ સતત આવકવેરાની ઈન્વેસ્ટિગેશન વિંગના દરોડા હીરાની પેઢીઓ ઉપર પાડવામાં આવ્યા છે અને બેનામી વ્યવહારો પકડવામાં આવ્યા છે. આ દરોડાને કારણે હીરાના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.આવકવેરા વિભાગ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં કરોડો રૂપિયાના જમીન ખરીદ – વેચાણના ડોક્યુમેન્ટ્સ પણ મળ્યા હતા તેમજ શેર બજાર પણ મોટા પાયે રોકાણ કરવાની વિગતો સામે આવી હતી. આ દરોડામાં ૭ કરોડની જંગી રોકડ રકમ તથા જ્વેલરી આવકવેરા વિભાગને મળી આવી છે.સુરતમાં હીરા વિભાગની કેટલીક કંપનીઓમાં ઇક્રમ ટેક્સ વિભાગે ૨ ડિસેમ્બરના રોજ રેડ પાડતા કચાર મચી ગઇ હતી. સુરતના મહિધરપુરા વિસ્તારમાં આવેલા હીરા બજારમાં આવેલી ધાનેરા ડાયમન્ડ કંપનીના અલગ અલગ યુનિટમાં રેડ કરવામાં આવી હતી તેમજ ઇક્રમ ટેક્સ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કંપનીના વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી છે જેના માટે અલગ અલગ ટીમ પણ બનાવાવમાં આવી છે.

ડાયમન્ડ કંપનીની બોમ્બેમાં આવેલી ઓફિસમાં પણ તવાઈ બોલાવવામાં આવી હતી. દરોડાની કામગીરી થતા સુરત શહેરના ફાઈનાન્સર અને જમીનના વેપારીઓમાં તેમજ હીરાના વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# વલસાડમાં ધારાસભ્ય જે પક્ષનો ચૂંટાય રાજ્યમાં સરકાર એની બને અને વલસાડ લોકસભા ક્ષેત્રમાં સાંસદ જે પક્ષનો ચૂંટાય કેન્દ્રમાં એ પક્ષની સરકાર રચાય

વલસાડ,તા.૪

હાલ ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. ત્યારે ગુજરાતની રાજનીતિને લઈને ઘણી વાયકાઓ છે. આજે રાજકારણની એવી જ એક રસપ્રદ કહાની વિશે જાણીશું. ગુજરાતની એક એવી બેઠકની વાત કરીશું જે રાજકીય પક્ષો માટે શુકનિયાળ માનવામાં આવે છે.

કઈ છે એ બેઠક આવો જોઈએ.

જેમ ગુજરાતના મુખ્યમંત્રીના નિવાસસ્થાન માટે માન્યતા છે એવી જ રીતે ગુજરાતમાં અને દેશમાં કોની સરકાર બનશે એ માટે પણ એક માન્યતા છે.

અને એ માન્યતા એવી છે કે વલસાડમાં ધારાસભ્ય જે પક્ષનો ચૂંટાય રાજ્યમાં સરકાર એની બને અને વલસાડ લોકસભા ક્ષેત્રમાં સાંસદ જે પક્ષનો ચૂંટાય કેન્દ્રમાં એ પક્ષની સરકાર રચાય.

શરૂઆતથી વાત કરીએ તો ૧૯૬૨માં કોંગ્રેસમાંથી સુવાસબેન અરવિંદ મજમુદાર, ૧૯૬૭માં કોંગ્રેસમાંથી કેશવભાઈ પટેલ ચૂંટણી જીત્યા અને આ બંને વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બની. કોંગ્રેસના બે ફાંટા પછી કેશવભાઈ પટેલ ૧૯૭૨ અને ૧૯૭૫માં સંસ્થા કોંગ્રેસથી ધારાસભ્ય બન્યા હતા અને ગુજરાતમાં કોંગ્રેસની સરકાર રચાઈ હતી.

૧૯૮૦ માં ફરી કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટાયા દોલતભાઈ નાથુભાઈ દેસાઈ અને ગુજરાતમાં બની કોંગ્રેસની સરકાર. ૧૯૮૫માં કોંગ્રેસની ટિકિટ પરથી બરજોરજી પારડીવાલા ધારાસભ્ય પદે ચૂંટાયા અને ગુજરાતમાં ફરીથી કોંગ્રેસની સરકાર બની. ૧૯૯૦માં બરજોરજી કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાઈ ગયા અને ભાજપની ટિકિટ પર ચૂંટાયા તો ગુજરાતમાં જનતાદળ ગુજરાત અને ભાજપની સંયુક્ત સરકાર બની અને ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. ન માત્ર વિધાનસભા પરંતુ વલસાડ લોકસભા ક્ષેત્રમાં જે પણ સાંસદ બને છે તે જ પક્ષની કેન્દ્રમાં સરકાર બનવાની વાયકા છે.






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.